| GJBH030045802022 | કેસ દાખલ થયા તારીખ | : ૦૧/૦૬/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | કેસ રજી. થયા તારીખ | : ૦૧/૦૬/૨૦૨૨ | | |
| | કેસ ફેંસલ થયા તારીખ | : ૨૪/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | : વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૦ | ૨૩ |

---

**અંકલેશ્વરના મહે. બીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. અંકલેશ્વર.**

---

**ફોજદારી કેસ નંબર : ૨૬૧૩/૨૦૨૨**

**આંક :–**

**ફરીયાદી** : ધનરાજ આર. પાટીલ
તે યોગેશ્વર ફાયબર ફેબ્રીકટસના માલીક
રહે. પ્લોટ નં. ૨૪/૨૫, યોગી એસ્ટેટ,
જી.આઈ.ડી.સી. અંકલેશ્વર–૩૯૩૦૦૨,
જી.ભરૂચ

**વિરુધ્ધ.**

**આરોપી** : **૧.** TODAYS INDUSTRIES
**૨.** RAVINDRA NATH SINGH
રહે. GS- 54 , SARGAM RESIDENCY, VALIYA ROAD,AT. KOSAMADI,TA. ANKLESHWAR

**ગુન્હો :– <u>ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. વ..........................શ્રી પી.જે. બેસનવાલા // | |
| // આરોપી તરફે વિ.વ..........................શ્રી એસ.એસ. ચૌહાણ // | |

**:: ઠરાવ ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી યોગેશ્વર ફેબ્રીકેટર્સના નામથી વેપાર કરે છે અને સદર ધંધાકીય પેઢી મુખ્યત્વે પી.પી.એફ. આર.પી. સ્ટોરેજ ટેન્ક પોલ્યુશન

કંન્ટ્રોલ સીસસ્ટમ એફ.આર.પી. મોટર કેનોપી, દરેક પ્રકારના કેનોપી, દરેક પ્રકારના સ્ક્રબર સીસ્ટમ , એફ.આર.પી. ગ્રેટીગ, એસ.એસ, એમ.એસ. પી.પી.,એફ.આર.પી. બ્લોવર જે લગતો વેપાર –ઉત્પાદન કરે છે અને સદર પેઢી જી.એસ.ટી. નંબર પણ ધરાવે છે. જેનો જી.એસ.ટી. નં. 24AOAPP4852P1ZI છે. આરોપી નં.૧ તે TODAYS INDUSTRIES ના નામની ધંધાકીય પેઢી છે અને આરોપી નં. ૨ તે નં.૧ પેઢીના વહીવટકર્તા તેમજ અધિકૃત સહી કર્તા છે. તેમજ આરોપી નં. ૧ જી.એસ.ટી. નંબર ધરાવે છે અને આરોપી નં.૧ નો જી.એસ. ટી. નં. 24ECJPS0034121ZJ છે. ફરીયાદી અને આરોપી નં.૨ વચ્ચે અંગત ઓળખાણ અને મિત્રતાના સંબંધો ઉપરાંત ધંધાકીય સંબંધ પણ ચાલી આવેલ છે. જે ઓળખાણ, મિત્રતા અને ધંધાકીય સંબંધમાં આરોપી તેમની ધંધાકીય જરૂરીયાત માટે ફરીયાદી પાસેથી ઉધાર માલની ખરીદી કરતા આવેલ અને તે ઉધાર માલના જી.એસ.ટી. સહીતના બીલોની રકમની ચુકવણી પેટે આરોપી અને ફરીયાદીને બેંક ખાતા ધ્વારા ચુકવણી કરતા આવેલા. જે ઉધાર જમા બાજુનો હિસાબ ફરીયાદી ધંધાકીય ચોપડે નિભાવતા આવેલા છે. આ ઉપરાંત આરોપી નં. ૨ અને ફરીયાદી વચ્ચે અંગત મિત્રતાના સંબંધ પણ હોય જેથી આરોપીઓને અવાર નવાર નાણાંકીય જરૂરીયાત ઉભી થતા આરોપી ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાં પણ લેતા હતા જે આરોપીઓની જરૂરીયાત મુજબની હાથ ઉછીની નાણાંકીય રકમ ફરીયાદી તેમની માંગણી મુજબ જુદી જુદી તારીખોએ બેંક ખાતા ધ્વારા ટ્રાન્સફર /ચેકથી આપેલ છે. જે અંગેનો હિસાબ પણ ફરીયાદી તેમના હિસાબી ચોપડામાં નિભાવતા આવેલા છે. આમ, ધંધાકીય હિસાબ અને અંગત હાથ ઉછીની રકમનો હિસાબ કરતા ફરીયાદીએ જુન–૨૦૨૧ સુધીમાં આરોપીઓ પાસે કુલ રૂા. ૨૫,૬૮, ૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે. જે કુલ બાકી રકમની આંશિક ચુકવણી પેટે આરોપી નં. ૨ નાએ આરોપી નં.૧ ના બેંક ખાતાના નીચે મુજબની વિગતના જુદા જુદા ચેકો આરોપી નં. ૨નાએ તેમની સહી કરી ફરીયાદીની ફેવરમાં લખી આપેલા અને ચેકો લખી આપતી વખતે ફરીયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલો કે ચેકો રીટર્ન થશે નહી અને ચેકોના નાણાં જમા મળી જશે. જેથી ફરીયાદીએ નીચે મુજબની વિગતના જુદા જુદા ચેકો સ્વીકારેલા.

**ચેકની વિગત**

| અનું.નં. | ચેક નંબર | બેંકનું નામ | રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૦૦૦૧૨૯ | કોટક મહીન્દ્રા | ૪,૮૦,૨૪૬/– | ૧૪/૦૪/૨૦૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૦૦૦૧૮૪ | બેંક અંકલેશ્વર | ૫,૬૨,૨૭૦/- | ૧૬/૦૪/૨૦૨૨ |
| ૩ | ૦૦૦૦૪૫ | | ૧૩,૧૨,૪૬૦/- | ૧૭/૦૪/૨૦૨૨ |
| ૪ | ૦૦૦૧૮૫ | | ૧,૨૯,૦૭૮/- | ૧૮/૦૪/૨૦૨૨ |
| | | **કુલ રકમ** | **૨૪,૮૪,૦૫૪/-** | |

આ કામના આરોપીઓએ આપેલ વિશ્વાસ અને ભરોસાને ધ્યાને લઈ ફરીયાદીએ ઉપરોકત ચેકો પૈકી અનુક્રમ નં.૧ ચેક નં. ૦૦૦૧૨૯ ની વિગતવાળો ચેક સ્વીકાર અર્થે ફરીયાદીએ તેના એચ.ડી.એફ.સી. બેંક લી. અંકલેશ્વરના બેંક ખાતામાં રજુ કરતા આરોપી નં. ૧ ના બેંક ખાતામાં ચેક સ્વીકારાય તેટલું ભંડોળ ન હોવાથી ઉપરોકત ચેક નં. ૦૦૦૧૨૯ ની વિગત વાળો ચેક તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ. આમ, આરોપીઓએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી માટે આપેલ ઉપરોકત ચેક નં.૦૦૦૧૨૯ ની વિગતવાળો ચેક તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે રીટર્ન થવાથી ફરીયાદીએ તેના વકીલશ્રી પાસે તા. ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ તૈયાર કરાવી આરોપીઓના સરનામે રજી. પો.એ.ડી.થી. નોટીસ મોકલાવેલ હતી. અને સદર નોટીસમાં રીટર્ન થયેલ ચેકના નાણાં દિન-૧૫ માં ચુકતે કરી દેવા તેમજ બીજી અન્ય વિગતો જણાવેલ હતી. જે નોટીસની બજવણી આરોપીઓને તા.૧૧/૦૫/૨૦૨૨ ના રોજ થઈ ગયેલ છે. આરોપીઓએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે લખી આપેલ ચેક વગર સ્વીકારાયે રીટર્ન આવવાથી તેમજ તે અંગેની નોટીસ આપવા છતા આરોપીઓએ નોટીસનો અમલ કરેલ ન કરી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) આ કામે કોગ્નીઝન્સ લઈ પ્રોસેસનો હુકમ કરેલ હોઈ સમન્સની બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૦૭ મુજબ આરોપીને ફરિયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૧ અન્વયે આરોપીનું નિવેદન આંક-૮ અને ૯ થી લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, આ કામે પોતાનો બચાવ કરવા માં ગતા હોવાનું જાહેર કરતાં, કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**મૌખીક પુરાવો :**

| **ક્રમ** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી યોગેશ્વર ફાયબર ફેબ્રીકેટસના માલીક ધનરાજ આર. પાટીલની જુબાની | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો :**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટી. | ૧૨ |
| ૦૨ | આરોપી નં.૧ ના ખાતાના ઉતારાની નકલ | ૧૩ |
| ૦૩ | ટેક્ષ ઈનવોઈસ / બીલ | ૧૪ થી ૨૧ |
| ૧૧ | આરોપીએ આપેલ તકરારી ચેક નં. ૦૦૦૧૨૯ | ૨૨ |
| ૧૨ | ચેક રીટર્ન મેમો | ૨૩ |
| ૧૩ | આરોપીને આપેલ નોટીસની સ્થળ પ્રત | ૨૪ |
| ૧૪ | આર.પી.એ.ડી. ધ્વારા મોકલાવેલ નોટીસ રસીદ | ૨૫ થી ૨૬ |
| ૧૬ | નોટીસ મળ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૭ થી ૨૮ |
| ૧૭ | પોસ્ટ ખાતાની વેબસાઈટનો ઓનલાઈન ટ્રેક કંસાઈનમેન્ટ રીપોર્ટ | ૨૯ |
| ૧૮ | ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ | ૩૮ |

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' ફરીયાદી સાથે તહોમતદારનું જોઈન્ટ ફર્મ ઓફીસ હોય સીકયુરીટી પેટેના ચેકોનો દુરઉપયોગ કરેલ છે. અમો તહોમતદાર નિર્દોષ છીએ.''

આ કામે આરોપી પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**મૌખીક પુરાવો :**

| **ક્રમ** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | આરોપી ટુ ડે ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર રવિન્દ્રનાથ સીંગની સોગંદ પર સરતપાસ | ૪૫ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | જી.એસ.ટી. સર્ટીફીકેટની કોપી | ૫૦ |
| ૦૨ | વીઝીટીંગ કાર્ડની નકલ | ૫૧ |
| ૦૩ | ટુ ડે ઈન્ડસ્ટ્રીઝનું બ્રાઉસર | ૫૨ |
| ૦૪ | યોગેશ્વર ફાઈબર ફેબ્રીકનું બ્રાઉસર | ૫૩ |
| ૦૫ | બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૫૪ |
| ૦૬ | આરોપી પક્ષ તરફે કલોઝીંગ પુરસીસ | ૫૫ |

(૫) સદર કામે ફરિયાદી તરફે તેમના વિ.વકિલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે તેમજ ફરીયાદી તરફે આંક-૯૪ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદ હકીકત મુજબની વિગતો જણાવી ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ વર્ણન કરી વધુમા જણાવેલ છે કે, '' આ કામે અમો ફરિયાદીએ આંક ૪ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં અમો ફરિયાદી એ ફરિયાદીની હકીકતને સમર્થનકારી હકીકતો જણાવેલ છે ઉપરાંત અમો ફરિયાદીની ફરિયાદના સમર્થન માં નિશાની ૩/૧ થી ૩/૧૮ સુધીના જુદા જુદા દસ્તાવેજો રજૂ કરેલા છે. જેને નામ. કોર્ટે આંક ૧૨ થી આંક ૨૯ આપેલ છે. આ કામના તહોમતદાર તરફે ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન જુદા જુદા પ્રશ્નો પૂછવામાં આવેલ છે. પરંતુ એ નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ અને ૧૧૮ ના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી.

આરોપી તરફે ઉલટ તપાસમાં લેઝર એકાઉન્ટ આંક ૧૩ બાબતે પ્રશ્ન પૂછી, તકરાર ઉઠાવેલ છે અને તેમની દલીલમાં પણ તે મુદ્દે તકરાર ઉઠાવેલ છે.

આ મુદ્દે અમે ફરિયાદી ખુલાસો આપી જણાવીએ છીએ કે.. અમો ફરિયાદીએ લેઝર એકાઉન્ટના સમર્થનમાં જુદા જુદા બીલો આંક ૧૫ થી આંક ૨૧ સુધી રજૂ કરેલા છે જે તમામ બિલો જીએસટી સહિતના પાકા બિલો છે અને જીએસટી ના નિયમ મુજબ આવા બિલોના જીએસટીની રકમ આરોપીએ ક્રેડિટ પણ મેળવેલ છે. જેથી રજૂ કરેલ બિલો ખોટા છે કે માત્ર વ્યવહાર પૂરતું ઊભા કરેલા છે તેવો આરોપીનો બચાવ ટકી શકે નહીં અને તે બિલોની લેઝરુ એકાઉન્ટમાં પણ નોંધ અસર આપવામાં આવેલ છે અને આરોપીએ આ બિલો બાબતે કોઈ ખાસ તકરાર ઉઠાવેલ નથી તેમજ તે બિલોની આંક ૧૩ વાળા લેઝર એકાઉન્ટમાં પણ અસર આપવામાં આવેલી છે જેથી આરોપીનો લેઝર એકાઉન્ટના સપોર્ટમાં કોઈ દસ્તાવેજ રજૂ થયેલ નથી તેઓ બચાવ ટકી શકે તેમ નથી અને લેઝર એકાઉન્ટ એ અનસપોટીવ ડોક્યુમેન્ટ નથી

વધુમાં આરોપી તે બાબતે જય અંબે ઈન્ડસ્ટ્રીઝના માલિક શ્રી દિનેશકુમાર બજરંગલાલ

સોમાની ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

જે ચુકાદા અનુસંધાને માનસહ જણાવવાનું કે, તે ચુકાદો હાલના કેસને લાગું પડતો નથી અને તે ચુકાદો જોવામાં આવે તો તે ચુકાદો સિર્વિલ દાવાની એક તરફી કાય વાહી જજમેન્ટના બાબતનો છે અને હાલની પ્રોસેડિંગ સંપૂર્ણ સિવિલ પ્રકારની ન હોય તે ચુકાદો હાલના કેસને લાગુ પડતો નથી બલ્કે અમો ફરિયાદી ડી કે ચંદેલ વિરુદ્ધ વોકાર્ડ લિમિટેડ અને અન્યના ચુકાદા માં ઉપર આધાર રાખીએ છીએ જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે,

In a criminal prosecution under Section 138 of the Negotiable Instruments Act, 1881, the production of books of account or a cash book to prove an outstanding debt is not essential. This is because Section 139 of the Act raises a statutory presumption in favour of the holder of the cheque that it was issued for the discharge, in whole or in part, of any debt or other liability. While such evidence may be relevant in a civil suit, its absence is not fatal to a criminal proceeding under Section 138, where the legal presumption shifts the onus to the accused to rebut the existence of a legally enforceable debt. The Supreme Court affirmed the High Court's view that the reasoning for acquittal by the first appellate court-namely, the non-production of account books is more appropriate for a civil trial rather than a criminal prosecution under the Act.

આમ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ટ્રાયલ તે સિવિલ દાવાની ટ્રાયલ જેવી ચલાવવાની હોતી નથી એવું જણાવેલ છે. જેથી આરોપીનો હિસાબી ચોપડા બાબતની તકરાર નો તે મુદ્દો ટકી શકે તેમ નથી.

વધુમાં, આરોપી ઉલટ તપાસ દરમિયાન તેમજ તેમની દલીલમાં પણ લેઝર એકાઉન્ટની કુલ બાકી રકમ તથા ચેકની કુલ રકમના તફાવત તથા અન્ય કેટલીક જમા રકમ બાબતે તકરાર ઉઠાવી ખોટો બચાવો ઉભો કરવા પ્રયત્ન કરેલ છે, જે બાબતે ખુલાસો દલીલ કરી જણાવીએ છીએ કે....

અમો ફરિયાદીએ રજુ કરેલ લેઝર એકાઉન્ટ મુજબ અમો ફરિયાદીએ આરોપી પાસે કુલ્લે રકમ રૂપિયા ૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે. જ્યારે આરોપીએ તે બાકી રકમની આંશિક ચુકવણી પેટે રકમ રૂા. ૨૪,૮૪,૦૫૪–૦૦ ના ચેકો લખી આપેલ છે જે ચેક ની રકમથી ઓછી છે પરંતુ તેવા કારણોસર અમો ફરિયાદીના કેસને કોઈ નુકસાન થતું નથી બલ્કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ વંચાણે લેવામાં આવે તો તેમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે "ચેક સંપૂર્ણ અથવા આંશિક જવાબદારીની ચુકવણી માટે લખી આપેલ હોય" તેવો શબ્દ પ્રયોગ થયેલ છે અને અમો ફરિયાદીએ અમારી નોટીસ ફરિયાદ તથા સરળ તપાસમાં પણ "આરોપીએ આંશિક રકમની ચુકવણી માટે ચેક લખી આપેલા" તેવી હકીકત જણાવેલ છે માટે કુલ લેણી રકમ (લેજર account) થી ચેક ની રકમ ઓછી છે તેવી પણ આ કામના તહોમતદારની તકરાર ચાલી શકે તેમ નથી.

આ કામના તહોમતદાર તેમની ઉલટ તપાસમાં તેમજ મુખ્ય બચાવવામાં એક મુદ્દો એવો ઊભો કરેલ છે કે આરોપી તરફે તારીખ ૧૮–૦૪–૨૦૧૯ ના રોજ તથા તારીખ ૦૮–૦૭–૨૦૧૯ ના રોજ જુદી–જુદી મળી કુલ ચાર જમા એન્ટ્રી બેંક મારફતે આપેલ છે તે બાબતે પ્રશ્ન પૂછવ માં આવેલ છે અને તે એન્ટ્રી નો ખોટો લાભ મેળવવા પ્રયત્ન કરેલ છે જે બાબતે અમો ફરિયાદીની દલીલ/ખુલાસો એવો છે કે..

જો આરોપી તેવી બાબતનો લાભ લેવા માંગતા હોય તો પુરાવા કાયદા મુજબ સૌ પ્રથમ તો આરોપીએ પોતે એવું પુરવાર કરવું જોઈએ કે આરોપી જે જમા નોંધ બતાવે છે તે ખરેખર આ વ્યવહાર પેટે છે. તેવું આરોપીએ પુરવાર કરવું જોઈએ અને માત્ર બેન્ક સ્ટેટમેન્ટ રજૂ કરી જમા રકમ નો લાભ આરોપી લઈ શકે નહીં અને તે નોંધ કઈ બાબતની છે તે આરોપીએ જાહેર કરેલ નથી.

બલકે અમો ફરિયાદીનું કહેવું એવું છે કે, આરોપી જે જમા નોંધ ની વાત લઈને આવેલા છે તે જમા નોંધાવાળો વ્યવહાર અલગ વ્યવહાર છે અને તે વ્યવહાર હિસાબ પૂર્ણા થયેલ હોય હાલના ફરિયાદના વ્યવહાર બાબતનો ન હોય તે નોંધની લેજર એકાઉન્ટમાં અસર આપેલ નથી અને અમો ફરિયાદી, અમારી ફરિયાદની હકીકત–કેસ ને બાધ આવ્યા સિવાય માત્ર એક શક્યતા બતાવવા પૂરતું જણાવીએ છીએ કે, જો આરોપી જે જમા નોંધ બાબતે તકરાર ઉઠાવે છે તેનો ફરિયાદી સાથેના ધંધાકીય તેમજ હાથ ઉછીની નાણાકીય લેવડ દેવડ ભાગરૂપે જમા ગણતા હોય કે માનતા હોય, તો આરોપી સીધી કે આડકતરી રીતે અમો ધંધાકીય તેમજ  હાથ ઉછીની નાણાકીય લેવડ દેવડ ના વ્યવહાર ની લેણી રકમને કબુલ રાખેલ ગણાય અને જેથી ઈ કીમની તહોમતદારો નો ચેકનો દુરુપયોગ થયાનો કે ખોટી રીતે મેળવી લીધા નો બચાવ ટકી શકે તેમ નથી.

વધુમાં સદર કામના તહોમતદાર તેમના બચાવ માં આ જમા રકમ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટના દશરથભાઈ વિક્રમભાઈ પટેલ વિરુદ્ધ હિતેશભાઈ મહેન્દ્રભાઈ પટેલના ચુકાદા ઉપર આધાર રાખે છે પરંતુ તે ચૂકાદાની હકીકત અને હાલના કેસની હકીકત બંને હકીકતો અલગ છે.સદર ચુકાદો આ કેસને લાગુ પડતો નથી કારણકે, આરોપી જે ચુકાદા પર આધાર રાખે છે તે ચુકાદા મુજબ ફરિયાદીને ચેક લખી આપ્યા બાદ જો કોઈ રકમ જમા મળેલ હોય તો તેવી રકમ જમા મળ્યા ની ચેક ની પાછળ ફરિયાદી એ નોંધ કરી, તે બાદ કરતા માત્ર લેવાની બાકી રકમનો શેરો કરી બેંકમાં ચેક રજૂ કરવો જોઈએ પરંતુ તે ચુકાદા ના કેસની હકીકત મુજબ તે કેસના ફરિયાદીએ જમા રકમના ચેકની પાછળ ઉલ્લેખ કરેલો ન હતો. અને પૂરેપૂરી રકમ વસુલાત માટે ચેક રજૂ કરેલો હતો તેવી તે કેસની હકીકત છે, જ્યારે હાલના કેસની હકીકત હકીકત જોવામાં આવે તો આ કામના તહોમતદારે ચેક લખી આપ્યા બાદ કોઈ રકમ જમા આપેલ નથી બલ્કે અમો ફરિયાદીના લેઝર એકાઉન્ટની કુલ બાકી રકમથી ઓછી રકમ (આંશિક રકમ)ના ચેક છે.

વધુમાં આ કામના તહોમતદારે ઉલટ તપાસમાં તથા તેમના બચાવમાં જુદી જુદી જે ચાર

એન્ટ્રી તારીખ ૧૮–૪–૨૦૧૯ તથા તારીખ ૮–૭–૨૦૧૯ ની રકમ જમા આપેલ નથી ની હકીકત લાવેલ છે પરંતુ તેવી રકમ આ વ્યવહાર પેટે જમા આપેલ છે તેવું સૌપ્રથમ સાબિત કરવું પડે. અમો ફરિયાદી, આ કામના તહોમતદાર ના આ બચાવ વિરુદ્ધ એવું જ ખુલાસો આપી જણાવીએ છીએ કે.. આ કામના તહોમતદાર જે ચાર એન્ટ્રી જણાવે છે તે જમા રકમને હાલના વ્યવહાર સાથે કોઈ લેવા દેવા નથી કે હાલના વ્યવહાર પેટે જમા આપેલ નથી જેથી અમો ફરિયાદીએ તેવી જમા રકમનો હાલના કેસમાં લેઝર એકાઉન્ટમાં ઉલ્લેખ કરેલ નથી માટે આ કામના તહોમતદાર નો તેવો બચાવ પણ ટકી શકતો નથી અને તે માટે જે ચુકાદા પર આધાર રાખે છે તે હાલના કેસને લાગુ પડતો નથી વધુમાં અમો ફરિયાદીની નોટીસ ફરિયાદ તથા સર તપાસ વંચાને લેવામાં આવે તો સ્પષ્ટ માર્ક રૂમ પડે છે કે આમ ધંધાકીય હિસાબ અને હાથ ઉછીની રકમનો હિસાબ કરતા અમો ફરિયાદીએ જૂન ૨૦૨૧ સુધીમાં આ કામનાઓ પાસે ખુલ્લે રકમ રૂપિયા ૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે. જે કુલ બાકી રકમની આંશિક ચુકવણી પેટે આ કામના તહોમતદાર નંબર–૨ ના એ આ કામના તોહમતદાર નંબર –૧ ના બેન્ક ખાતાના ફરિયાદમાં જણાવેલ વિગતના જુદા જુદા ચાર ચેકો લખી આપેલા તેવું જણાવેલ છે. આમ જ્યારે આ કામના તોહમતાદારએ હિસાબ કરી તથા હિસાબ સમજી ચેકો પર સહી કરી જુદા જુદા કુલ ચાર ચેક લખી આપેલ હોય, તેવા સંજોગોમાં આ કામના તહોમતદાર પાછળથી હિસાબ બાબતે હિસાબ ખોટો છે તેવી તકરાર ઉઠાવી શકે નહીં અને જો તેવી તકરાર ઉઠાવે તો તે માત્ર પોતાના ખોટા બચાવ માટે તકરાર ઉઠાવેલી ગણાય.

આ ઉપરાંત જો આ કામના તહોમતદાર ને હિસાબ બાબતે કોઈ તકરાર હોય તો આંક ૨૪ વાળી નોટિસ આ કામના તહોમતાદાર ના સરનામે મળતા, તે નોટિસનો જવાબ આપી નોટિસ બાબતે વાંધા કે તકરાર ઉઠાવી તેમનો જવાબ / બચાવ રજૂ કરી શક્યા હોત પરંતુ કોઈ આ કામના તહોમતદારએ નોટિસનો કોઈ જવાબ આપેલ નથી કે તેમનો બચાવ રજૂ કરેલ નથી.

વધુમાં, આ કામના તહોમતદાર એવો ખોટો બચાવ ઉભો કરે છે કે, આ કામના તહોમતદારને નોટિસ મળેલ નથી કે સ્વીકારેલ નથી પરંતુ જનરલ કલોસીસ એક્ટની કલમ ૨૭ મુજબ મોકલાવેલ ટપાલ બજી ગયેલી માનવામાં આવે છે અને એકનોલોજમેન્ટ પર અન્ય વ્યક્તિની સહી હોવા છતાં સરનામું સાચું હોય તો યોગ્ય રીતે ટપાલની બજવણી થયેલી ગણાય અને હાલના કેસમાં આ કામના તહોમતદાર ખોટા સરનામે નોટિસ મોકલાવેલ છે તેવો કોઈ બચાવ લીધેલ નથી કે તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી બલકે આંક ૫૨ આ કામના તહોમતદારના કોટક બેંક ખાતાનું સ્ટેટમેન્ટ રજૂ થયેલ છે જે સ્ટેટમેન્ટ માં જણાવેલ સરનામું અને આંક ૨૪ ની નોટીસ આંક ૨૭, ૨૮એકનોલોજમેન્ટમાં જણાવેલ સરનામું તથા ફરિયાદમાં જણાવેલ સરનામું એક જ સરનામું છે. જેથી આરોપીનો નોટિસ નથી મળ્યા નો બચાવ પણ ટકી શકે તેમ નથી તેથી જ આરોપીને નોટિસની યોગ્ય રીતે બજવણી થયેલ હોવા છતાં નોટિસનો જવાબ આપેલ ન હોય, જેથી પાછળથી ટ્રાયલ દરમિયાન બચાવ ઊભો કરવાનો આરોપીને તેવો

કોઈ હક મળતો નથી. અમો ફરિયાદી નોટિસની બજવણી અંગે સીસીઅલવી હાજી વિરુદ્ધ પાલા પટ્ટી મોહમ્મદના ચુકાદા ઉપર આધાર રાખીએ છીએ.

વધુમાં હાલના આરોપીએ નામના કોર્ટમાં. હાજર થતાં નામદાર સુપ્રીમ કોર્ટના મે. મીટર્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ કંચન મહેતા ચુકાદા મુજબ પ્લી રેકર્ડ સમયે પણ તેમનો કોઈ બચાવ જાહેર કરેલ નથી જેથી પણ ટ્રાયલ દરમિયાન પાછળ થી આવો બચાવ ઊભો કરવાનો આરોપીને કાયદેસરનો કોઈ હક મળતો નથી.

વધુમાં આરોપી તરફે સમગ્ર ટ્રાયલ દરમિયાન ચેક પર ની સહી બાબતે કોઈ ઈન્કાર કરેલ નથી.

રોહિત જીવનલાલ પટેલ વિરુદ્ધ ગુજરાત રાજ્યના ચુકાદામાં પણ નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે, એકવાર આરોપી ચેક પર પોતાની સહી સ્વીકારી લે તો કલમ 139 હેઠળ કાયદાકીય અનુમાન ફરિયાદીની તરફેણમાં આવે છે ત્યારબાદ પુરાવાનો બોજો આરોપી પર આવી જાય છે.

વધુમાં આ કામે આંક ૪૫ થી આ કામના તહોમતદારે સોગંદ ઉપર તેમનો પુરાવો/ જુબાની રજૂ કરેલા છે અને તેના અનુસંધાને અમો ફરિયાદી તરફે ઉલટ તપાસ પણ કરવામાં આવેલ છે, જે ઉલ્ટ તપાસના પ્રશ્નો પૂછતા આ કામના તહોમતદારે નીચે મુજબ જવાબ આપેલ છે

એ વાત ખરી છે કે ટુડેસ ઈન્ડસ્ટ્રીઝ અને ટુડે લાઈટિંગ સિસ્ટમ બંને અલગ અલગ કાયદેસર નોંધાયેલી કંપની છે. એ વાત ખરી છે કે ટુડેસ ઈન્ડસ્ટ્રીઝ નામનું જીએસટી સર્ટિફિકેટ 54 સરગમ રેસીડેન્સી ના નામે ઇસ્યુ થયેલ છે. એ વાત ખરી છે કે ફરિયાદીની પેઢી યોગેશ્વર ફાઈબર ફેબ્રિકેશન તથા ટુડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુડે લાઈટિંગ સિસ્ટમના આઈટી રિટર્ન અલગ અલગ ભરવામાં આવે છે. એ વાત ખરી છે કે મારી ટુડેસ ઈન્ડસ્ટ્રીઝ ક્યારેય યોગેશ્વર ફેબ્રિકેશનના સરનામે ધંધા માટે ચાલેલ હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે મારા ખાતાનો ચેક રિટર્ન થાય તો ચેક રીટર્ન અંગેનો મને મેસેજ મારા મોબાઈલ પર આવે છે. એ વાત ખરી છે કે ટુડે ઈન્ડસ્ટ્રીઝ નું બેન્ક એકાઉન્ટ કોટક મહેન્દ્ર બેન્ક માં આવેલું છે આ ખાતાનો એકાઉન્ટ નંબર 6411927356 છે. એ વાત ખરી છે કે આ એકાઉન્ટ મારી સહિથી ઓપરેટ થાય છે. એ વાત ખરી નથી કે મને ચેક રીટર્ન ની નોટિસ મળેલ હોવા છતાં નોટિસ નહીં મળ્યા ની હકીકત ખોટી જણાવ છું. એ વાત ખરી નથી કે મારો એક ચેક ગુમ થયેલ હોય કે તેનો કોઈ દુરુપયોગ થયેલ હોય તેવી કોઈ ફરિયાદ મેં કરેલ નથી.

આમ, આ કામના આરોપી તેમના બચાવ માં સૌપ્રથમ તો ટુ ડે લાઈટિંગ સિસ્ટમના ભાગીદાર તરીકે ફરિયાદી અને આરોપી બંને હોય અને તેજ સરનામે ધંધો કરતા હોય તેથી ચેક નો દૂર ઉપયોગ કરેલ છે તેવું જણાવે છે પરંતુ ઉલટ તપાસ પરથી સ્પષ્ટ થાય છે કે ફરિયાદીની પેઢી યોગેશ્વર ફાઈબર અને હાલના આરોપી ની પેઢી ટુડે ઈન્ડસ્ટ્રીઝ બંનેનું ધંધાકીય સરનામું (જીએસટી સર્ટિફિકેટ જોતા તેમજ તપાસમાં પૂછતા) અલગ અલગ છે માટે આરોપીના કોઈ

ચેકનો દૂર ઉપયોગ થયેલ હોય તેવી વાત માની શકાય તેમ નથી.

તદુપરાંત ફરિયાદી પેઢી યોગેશ્વર ફાઈબર, ટુડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુડે લાઈટિંગ સિસ્ટમ ત્રણેયના ઈન્કમટેક્સ પણ અલગ ભરવામાં આવે છે તેમજ ફરિયાદ વાળા ચેક રિટર્ન થવાથી આ કીમના તહોમતદારને તેમના મોબાઈલ ઉપર સૌપ્રથમ મેસેજ મળી જાય છે, તો જો ખરેખર ફરિયાદી દ્વારા દૂર ઉપયોગ કરવામાં આવેલ હોય તહોમતદારે સૌપ્રથમ તો મેસેજ મળતા જ તે ચેક બાબતે કાર્યવાહી કરવી જોઈએ અને પોતાનો બચાવ રજૂ કરવો જોઈએ પરંતુ ઉલટ તપાસમાં જણાવેલ છે કે ચેક રિટર્ન બાબતે ચેક ગુમ થયેલ હોય કે તેનો દુરુપયોગ થયેલ હોય તેવી કોઈ ફરિયાદ કરેલ નથી.

વધુમાં, ઉલટ તપાસમાં કોટક બેંકનું જે બેંક ખાતુ નંબર પૂછેલ છે તે જ બેન્ક ખાતા નો હાલનો ફરિયાદ વાળો ચેક છે અને તે બેંક ખાતુ આ કામના તહોમતદાર ની સહીથી ઓપરેટ થાય છે તેવી હકીકત આ કામના તહોમતદારે સ્વીકારેલ છે અને આ કામના તહોમતદારે તે ચેકની સહી બાબતે પણ કોઈ તકરાર ઉઠાવેલ નથી.

આ કામના તહોમતદારે હાલના કેસમાં તેમનો કોઈ સ્પષ્ટ બચાવ શરૂઆતથી રજૂ કરેલ નથી. આ કામના તહોમતદારે વધારાના નિવેદન (એફએસ) માં પ્રશ્ન પૂછતા ચેક સિક્યુરિટી પેટે નો આપેલા નો જણાવે છે. જ્યારે વિશેષમાં કંઈ કહેવું છે ના જવાબમાં ચેક જોઈન્ટ ફોર્મ ની ઓફિસમાં હોય, જેનો ફરિયાદીએ દૂર ઉપયોગ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે. અને તે માટે આરોપીએ ફરિયાદી વિરુધ ખોટા ચેક બાબતે આજે સુધી કોઈ ફરિયાદ કરેલ નથી જે હકીકત પણ રેકોર્ડ પર છે.

નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ હેઠળનું અનુમાન (Presumption) અમો ફરિયાદીના લાભમાં છે.

આરોપી અનુમાનનું ખંડન કરી શકેલ નથી કે વિરુદ્ધમાં કંઈ સાબિત કરી શકેલ નથી.

અમો ફરિયાદી અમારા કેસની હકીકતોને બાધ ન આવે તે રીતે જણાવીએ છીએ કે, જો માનવા પૂરતું પણ એક વખત આ કામના તહોમતદાર નો બચાવ માની લેવામાં આવે કે, આ કામના તહોમતદારે જુદી જુદી તારીખો એ કુલ ચાર એન્ટ્રીથી રકમ રૂા.૧,૧૫,૯૩૦ અને ૮૮,૦૦૦ મળી, કુલ રકમ રૂા.૨,૦૩,૯૩૦-૦૦ જમા આપેલ છે, તે રકમ ફરિયાદીએ બાદ નથી આપી છતાં જો તેવી હકીકતને માનવા પૂરતું માત્ર દલીલ ખાતર માની લઈ તો તે જમા રકમ બાદ કરવામાં આવે તો પણ અમો ફરિયાદી દ્વારા જુદી જુદી રકમના કુલ ચાર કેસ દાખલ કરવામાં આવેલ છે જેમાંથી કોઈ એક કેસમાં તે જમા રકમ બાદ કરી, ચૂકવવાની બાકી રહેતી રકમ પૂરતી ફરિયાદ મંજુર થવી જોઈએ. અને કોઈ એક કેસ માંથી જે રકમ બાદ આપેલ હોય તે સિવાયના અન્ય ત્રણ કેસમાં સંપૂર્ણ વ્યવહાર માની શકાય.

આમ , સદર કામે જોતા આરોપીએ તેમના કાયદેસરના દેવાને જવાબદારી ની ચુકવણી માટે ફરિયાદ વાળા ચેક લખી આપેલા છેઈ જે ચેક રિટર્ન થતા તે બાબતે યોગ્ય મુદત માં નોટિસ

આપેલ છેઈ જે નોટિસ આરોપીને મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટિસનો કોઈ અમલ ન કરતા દિન ૧૫ ની મુદત બાદ યોગ્ય મુદતમાં હાલની ફરિયાદ દાખલ થયેલ છેઈ જેથી હાલની ફરિયાદ ઇન્સ્ટ્રુમેન્ટ ૧૩૮ ના વ્યાખ્યામાં સમાવિષ્ટ થતી હોય અને આરોપી ને હાલના ગુનાના કામે સખતમાં સખત સજા કરવા અરજ ગુજારીએ છીએ.

(૬) સદર કામે બચાવપક્ષ તરફે તેમના વિ.વકિલશ્રીની મૌખિક દલીલ સાંભળવામા આવેલ છે. તેમજ આરોપી તરફે આંક–૯૨ થી લેખીત દલીલ રજુ થયેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, '' ફરીયાદની હકીક્ત : ફરીયાદી અને આરોપી વચ્ચે અંગત ઓળખાણ અને મિત્રતા અને ધંધાકીય સંબંધો હતા અને ઓળખાણ, મિત્રતા અને ધંધાકીય સંબંધો હોવાના કારણે ફરીયાદી પાસેથી ઉધાર માલની ખરીદી આરોપી કરતા આવેલા હતા અને તે ઉધાર માલના જીએસટી સહિતના બિલોની રકમ ચુકવણી બેંક ખાતા મારફતે કરતો આવેલ અને ધંધાકીય ચોપડા નિભાવતા આવેલા. તેમજ આરોપીને અવાર નવાર નાણાકીય જરૂરીયાત ઉભી થતા હાથ ઉછીના નાણા બેંક મારફતે ટ્રાન્સફર / ચેક્ટી આપેલા છે. ધંધાકીય હિસાબ અને અંગત હાથ ઉછીના રકમનો હિસાબ કરતા ફરીયાદીએ જૂન–૨૦૨૧ સુધીમાં કુલ્લે રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે જે કુલ બાકી રકમની આંશિક ચુકવણી પેટે આરોપીએ ચેક નં. ૦૦૦૧૨૯ કોટક મહિન્દ્રા બેંકના રૂા.૪,૮૦,૨૪૬/– તારીખ ૧૪/૦૪/૨૦૨૨, ચેક નં. ૦૦૦૧૮૪ કોટક મહિન્દ્ર બેંકના રૂ.૫,૬૨,૨૭૦/– તારીખ ૧૬/૦૪/૨૦૨૨, ચેક નં. ૦૦૦૦૪૫ કોટક મહિન્દ્રા બેંના રૂા.૧૩,૧૨,૪૬૦/– તારીખ ૧૭/૦૪/૨૦૨૨, ચેક નં. ૦૦૦૧૮૫ કોટક મહિન્દ્રા બેંકના રૂા.૧,૨૯,૦૭૮/– તારીખ ૧૮/૦૪/૨૦૨૨ આમ, કુલ્લે રૂા.૨૪,૮૪,૦૫૪/– બાકી લ્હેણી રકમ ચુકવણી કરવા પૂર્વે ચેકો આપેલા છે. જે પૈકી ચેક નં. ૦૦૦૦૪૫ વિગતવાળો ચેક ફરીયાદીએ બેંક ખાતામાં મા કરતા તારીખ ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ ""Funds Insufficient" ના શેરા સાથે પરત ફરેલ. જેથી વકીલશ્રી મારફતે તારીખ ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ મોકલતા તારીખ ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીને નોટીસ મળી ગયેલ હતી અને આરોપીએ ધ નેગો.ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ ૧૩૮ હેઠળ ગુના બનતા નામદાર કોર્ટમાં ફરીયાદ કરેલી છે. તેમ જણાવી તારીખ ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ ફરીયાદીએ નામદાર કોર્ટમાં સદરહુ ફરીયાદ રજૂ કરેલ છે.

<u>**પુરાવાની વિગતો :–**</u>

આંક–૧ ફરીયાદ તા.૩૧/૦૫/૨૦૨૨, આંક–૩ ફરીયાદી તરફે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ નિ.૩/૧ થી નિ.૩/૧૮ (આંક ૧૨ થી ૨૯) તા.૩૧/૦૫/૨૦૨૨, આંક–૪ ફરીયાદીની સોગંદ ઉપર સરતપાસ તા.૩૧/૦૫/૨૦૨૨, આંક–૪૪ આરોપી તરફે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ નિ.૪૨/૧ થી નિ.૪૨/૫ આંક– થી આંક– તા.૨૧/૦૯/૨૦૧૯, આંક–૪૫ થી આરોપીનું

સોગંદ ઉપર સરતપાસ તા.૨૧/૦૯/૨૦૨૩

ફરીયાદીએ સદરહુ કામે કોઈ અપ્રુવલ / ઓડીટ થયેલા હિસાબી ચોપડાઓ રજૂ ક્યાં નથી :– ફરીયાદીની ફરીયાદ પેરા (૩) માં જણાવ્યા અનુસાર "ઉધાર માલના જીએસટી સહીતના બિલો અમો ફરીયાદીએ આ કામના તહોમતદારોને જે તે સમયે પુરા પાડેલ છે. અને તે બીલોની રકમની ચુકવણી પૈટે આ કામના તહોમતદાર અમો ફરીયાદીને બેંક ખાતા દ્વારા ચુકવણી કરતા આવેલા હતા અને જે ઉધાર જમા બાજુનો હિસાબ અમો ફરીયાદી અમારા ધંધાકીય ચોપડે નિભાવતા આવેલા છે." આંક–૪ ની ઉલટ તપાસમાં ફરીયાદી જણાવેલ છે કે " હું મારી યોગેશ્વર ફાઈબર ફેબીકેટસ ફર્મના સને ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીના ઓડીટ રીપોર્ટ રજુ કરી શકું છું." પરંતુ કોઈ પુરાવા રજૂ કર્યાં નથી. આ કામે ફરીયાદીએ કોઈ ઓડીટ રીપોર્ટ રજૂ કર્યાં નથી.

ફરીયાદીએ સદરહુ કામે કોઈ બેંક સ્ટેટમેન્ટો રજૂ કર્યાં નથી :– આંક–૧ ની અરજીના પેરા–૩ માં " આ કામના તહોમતદારોની જરૂરીયાત મુજબની હાથ ઉછીના નાણાકીય રકમ અમો ફરીયાદી તેમની માંગણી મુજબ જુદી–જુદી તારીખોએ બેંક ખાતા દ્વારા ટ્રાન્સફર / ચેકથી આપેલ છે." ફરીયાદી પાસેથી રૂા.૨૫,૬૮,૯૮૫–૨૦ પૈસા બેંક મારફતે તે પૈકી કોઈ રકમ બેંક મારફતે ફરીયાદીએ આરોપીને આપેલા હોઈ બેંક સ્ટેટમેન્ટ અથવા બેંકનો કોઈ સત્તાવાર દસ્તાવેજ રજુ કર્યો નથી. આંક –૪ ની ઉલટ તપાસમાં "એ વાત ખરી છે કે આ કામે યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસના બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી."

ફરીયાદમાં જણાવેલા ચેકો ઉપર દશવિલ તારીખોએ તથા તારીખના ક્રમ પ્રમાણે કોઈ ચેકો ફરીયાદીએ તેમના બેંક ખાતામાં જમા કર્યા નથી.: ફરીયાદીની હકીકત મુજબ {1} ચેક નં. ૦૦૦૧૨૯ તા.૧૪/૦૪/૨૦૨૨, {2} ચેક નં. ૦૦૦૧૮૪ તારીખ ૧૬/૦૪/૨૦૨૨, {3} ચેક નં. ૦૦૦૦૪૫ તારીખ ૧૭/૦૪/૨૦૨૨, {4} ચેક નં. ૦૦૦૧૮૫ તારીખ ૧૮/૦૪/૨૦૨૨ નો હોવા છતાં {3} નંબરનો ચેક પ્રથમ, ત્યારબાદ {2} નંબર વાળો ચેક, ત્યારબાદ {1} નંબર વાળો ચેક, ત્યારબાદ {4} નંબર વાળો ચેક ફરીયાદીએ તેમના બેંક ખાતામાં કહેવાતા ચેકો જમા ક્યાં છે. યાને જો ચેકો વ્યવહાર મુજબ આપવામાં આવ્યા હોઈ તો તે તારીખના ક્રમ મુજબ જ બેંક્માં રજુ થવા જોઈએ. પરંતુ ફરીયાદીએ ચેકોને તેમની ઉપર તારીખના ક્રમ પ્રમાણે ચેકો ફરીયાદીએ તેમના બેંક ખાતામાં જમા કર્યા નથી.

તેમજ ચેક નં. ૦૦૦૦૪૫ – રૂા.૧૩,૧૨,૪૬૦/–, તા. ૧૭/૦૪/૨૦૨૨ માટે મહે. અંક્લેશ્વરના એડી. ચીફ જ્યુ.મેજી. જજસાહેબ સમક્ષ ક્રિ.કે.નં.૨૬૧૧/૨૦૨૨, તેમજ ચેક નં. ૦૦૦૧૮૪ – રૂ.૫,૬૨,૨૭૦/–, તા. ૧૬/૦૪/૨૦૨૨ માટે મહે. અંક્લેશ્વરના એડી. ચીફ જ્યુ.મેજી. જજ સાહેબ સમક્ષ ક્રિ.કે.નં. ૨૬૧૨/૨૦૨૨, તેમજ ચેક નં. ૦૦૦૧૮૫ – રૂ.૧,૨૯,૦૭૮/–, તા. ૧૮/૦૪/૨૦૨૨ માટે મહે. અંક્લેશ્વરના એડી. ચીફ જ્યુ.મેજી. જજ સાહેબ સમક્ષ ક્રિ.કે.નં. ૨૬૧૪/૨૦૨૨ કરેલો છે.

નિ.૩/૨ થી ફરીયાદીએ આરોપી ફર્મનું Ledger Account રજૂ કરેલ છે જે અંગે કોઈ

Ledger Audit થયેલુ જણાતુ નથી તેમજ કોઈ Chartered accountant અથવા સત્તાધિકૃત અધિકારીની સહી કે સિક્કા નથી. Ledger entries reflect ongoing transactions, such as sales or loans, forming the backbone of many NI Act claims. However, under Section 34 of the Indian Evidence Act, 1872, entries in books of account are not admissible as evidence of the transaction unless corroborated by other evidence JAY AMBE INDUSTRIES PROPRIETOR SHRI DINESHKUMAR BAJRANGLAL SOMANI VS GARNET SPECIALTY PAPER LTD. – 2022 0 Supreme(Guj) 12.

તેમજ ફરીયાદી આરોપી સાથેના વ્યવહાર બેંક મારફતે કર્યા હોવાનું જણાવે છે પરંતુ તે અંગે ફરીયાદીએ HDFC BANK & Kotak Mahindra Bank ના કોઈ દસ્તાવેજો / સ્ટેટમેન્ટો આ કામે રજૂ કર્યા નથી.

ફરીયાદીનું self–generated હિસાબી દસ્તાવેજ છે. આવા દસ્તાવેજને કોઈ સ્વતંત્ર અથવા સત્તાવાર પ્રમાણિક્તા નથી અને તે આધારે આર્થિક વ્યવહાર સાબિત થતો નથી. તથા Income Tax Return – Balance Sheet પણ રજૂ કરેલ નથી. ફરીયાદી આંક –૪ ની ઉલટ તપાસમાં "૧૯.એ વાત ખરી છે કે આ કામે રજુ કરેલા આંક ૧૩ વાળુ લેજર કોમ્પ્યુટર પ્રિન્ટેડ છે એ વાત ખરી છે કે આ લેજર મેં મારા કોમ્પ્યુટર માંથી પ્રિન્ટ આઉટ કાઢી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામે યોગેશ્વર ફાઈબર ફેબ્રીક્ટસના બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી.. ..૨૧. એ વાત ખરી છે કે આ કામે જે ઈનવોઈસ બીલ રજૂ કરેલ છે તેમાં આરોપીના રીસીવના સિક્કા નથી. એ વાત ખરી છે કે આ તમામ બીલો અમારા સીસ્ટરમાંથી જનરેટ કરી પ્રિન્ટ કરેલા છે."

તેમજ સદરહુ લેઝરમાં ફરીયાદીએ આરોપીને બેંક મારફતે payment કર્યું હોઈ તો બેંક સ્ટેટમેન્ટ રજૂ નથી તેમજ payment ચેક મારફતે / રોકડેથી તેવી પણ કોઈ entry બતાવેલી નથી. જેથી સદરહુ લેઝરમાં ફક્ત transection બતાવવા માત્રથી સાબિત થતું નથી અને કાયદેસરનું દેવું માની શકાય નહી.

નિ.૩/૩ થી નિ. ૩/૧૦ સુધી જણાવેલા ટેક્ષ ઈન્વોઈઝ બિલો જોવામાં આવે તો તે પણ ફરીયાદીનું self–generated હિસાબી દસ્તાવેજ છે. આર્થિક વ્યવહાર Balance Sheet પણ રજૂ કરેલ નથી. Tax Invoice કુલ કોપી યાને Original/duplicate/triplicate બિલ ઉપર જણાવેલ હોવા છતાં સદરહુ કઈ કોપીના ક્યા બિલો રજૂ થયા છે ? તે ફરીયાદીએ જણાવેલ નથી. તેમજ Tax Invoice સાથે માલ મોકલ્યા અંગે Challan હોઈ છે જે Challan રજૂ કરેલા નથી. તેમજ માલ મોકલ્યા અંગે કોઈ Transport ના બિલો રજુ કર્યા નથી.

તેમજ સદરહુ નિ.૩/૩ વાળુ tax invoice Bill જોવામાં આવે તો Challan ની તારીખ ૩૧/૦૮/૨૦૧૯ ની છે અને બિલ તારીખ ૧૨/૦૯/૨૦૧૯ નું છે. તેમજ નિ.૩/૪

વાળુ tax invoice Bill જોવામાં આવે તો Challan ની તારીખ ૧૫/૦૯/૨૦૧૬ ની છે અને બિલ તારીખ ૧૮/૦૯/૨૦૧૯ નું છે. (આ બિલ ૩ વર્ષ બાદનું છે.) ત્યાર પછીના બિલોની તારીખો એક સરખી જણાવેલી છે.

તેમજ સદરહુ કામે ફરીયાદીએ રજૂ કરેલા tax invoice Bill જોવામાં આવે તો તેની ઉપર કે Challan ઉપર કોઈ આરોપી ફર્મ કે તેના કર્મચારીના કોઈ સહી સિક્કા નથી. "આંક –૪ ની ઉલટ તપાસમાં ફરીયાદી કબુલ રાખે છે કે એ વાત ખરી છે કે આ કામે જે ઈનવોઈસ બીલ રજુ કરેલ છે તેમાં આરોપીના રીસીવના સિક્કા નથી. એ વાત ખરી છે કે આ તમામ બીલો અમારા સીસ્ટમમાંથી જનરેટ કરી પ્રિન્ટ કરેલા છે."

સદરહુ કામે અમો આરોપીને કહેવાતી ચેક બાઉન્સ નોટીસ મળેલ નથી :– સદરહુ કામે નિ.૩/૧૬ અને નિ.૩/૧૭ થી રજૂ એક્નોલેજમેન્ટ ઉપર "મોતીરામ" નામના વ્યક્તિની સહી છે. જેથી ફરીયાદીએ આંક–૧ ફરીયાદ તથા આંક–૪ સરતપાસમાં અમો આરોપીને તારીખ ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ ચેક બાઉન્સની નોટીસ મળેલી નથી. આંક ૪૩ થી તહોમતદારની ઉલટ તપાસમાં "એ વાત ખરી નથી કે ચેક રીટર્ન અંગેની નોટીસ મળેલ છે.એ વાત ખરી નથી કે મને ચેક રીટર્નની નોટીસ મળેલ હોવા છતાં નોટીસ મળયાની હકીક્ત ખોટી જણાવું છું."

ફરીયાદી આંક ૪ ની ઉલટ તપાસમાં કબુલ રાખે છે કે "એ વાત ખરી છે કે આરોપીની ઓળખાણ કેવીરીતે થયેલી તેની વિગત મારી સરતપાસ, ફરીયાદ કે નોટીસમાં જણાવેલ નથી." જ્યારે ફરીયાદી અને આરોપી નાઓ Partner હતા તેમ ફરીયાદી સ્વીકારે છે. "એ વાત ખરી છે કે મેં ટુડે લાઈટીંગસ સીસ્ટમ તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજચાલુ કરેલું.....એ વાત ખરી છે કે આ ટુડે લાઈટીંગસ સીસ્ટમના ભાગીદાર તરીકે રવિન્દ્રનાથ સીંગ એટલે કે આરોપી છે." આંક ૪૮ થી જી.એસ.ટી. સર્ટીફીકેટ છે જેમાં ફરીયાદી અને આરોપી સંયુક્ત ભાગીદારો હોઈ તેમ જણાઈ આવે છે. Yogeshwar fibre Fabricators ફરીયાદીનું ફર્મ તેમજ Todays Lighting Systems માં સરનામું "Plot No. 25, Yogi Estate, C/O Yogeshwar Fiber Fabricator, At Jitali, Tal. Ankleshwar, Dist Bharuch:– તારીખ ૨૪/૦૫/૨૦૧૯" જણાવેલુ છે. યાને ફરીયાદી અને આરોપી એક જ સરનામે કામ–ધંધો કરતા હતા.

આંક–૪૯ આરોપીનું ફર્મ Today's Industries, Add. Plot no. 24/25, Yogi Estate, Nr.Karmatur Chowkdi, GIDC, Ankleshwar છે. તેમજ ફરીયાદીનુ ફર્મ Yogeshwar Fiber Fabricator નું સરનામું તેજ છે યાને ફરીયાદી અને આરોપી એક જ સરનામે સંયુક્ત ધંધો કરે છે તેમ જણાઈ આવે છે.

આંક નિ.૪૩/૩ તથા નિ.૪૩/૪ જોવામાં આવે તો આરોપી અને ફરીયાદીના વેપાર–ધંધાનું સ્થળ એક જ છે. યાને સંયુક્ત કરતા હોઈ તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. આંક –૪ ની ઉલટ તપાસમાં "એ વાત ખરી છે કે સને ૨૦૧૯ માં યોગેશ્વર ફાઈબર ફેબ્રીક્સ, ટુડે લાઈટીંગ સીસ્ટમ

અને ટુડે ઈન્ડસ્ટ્રીઝ ના બ્રાઉચર એક જ સરનામાના છાપવામાં આવેલા.”

ફરીયાદીએ આંક–૪ ની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે “ એ વાત ખરી છે કે ટુડે ઈન્ડસ્ટ્રીઝએ તા. ૧૮/૦૪/૨૦૧૯ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– અને રૂા. ૧૫૯૩૦/– ચેક દ્વારા ચુવી આપેલ છે એ વાતની મને ખબર નથી કે ટુડે ઈન્ડસ્ટ્રીઝએ તા.૦૮/૦૭/૨૦૧૯ ના રોજ રૂા.૫૨,૦૦૦/– અને રૂા. ૩૬૦૦૦/– ચેક દ્વારા ચુકવી આપેલા છે.” જે નાણા ફરીયાદીએ તેમની ફરીયાદ–સરતપાસ–નોટીસમાં જણાવેલી નથી. આંક ૫૨ થી આરોપીએ તેમના kotak mahindra bank નું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે જેમાં તારીખ ૧૫/૦૪/૨૦૧૯ ના રોજ ચેક નંબર ૦૦૦૦૮૨ રૂા.૧૫,૯૩૦/– તેમજ ચેક નંબર ૦૦૦૦૮૧ રૂા.૧,૦૦,૦૦૦/– આરોપીએ ફરીયાદીને ચુકવેલા છે. તેવીજ રીતે આરોપીએ ચેક નં. ૦૦૦૦૯૭ થી રૂ.૩૬૦૦૦/– અને ચેક નં. ૦૦૦૦૯૮ થી રૂ.૫૨૦૦૦/– ફરીયાદીના નામ અને ફર્મ થી ચુકવ્યા અંગે જણાઈ આવે છે યાને આરોપીએ આપેલા નાણા રૂા.૨,૦૩,૯૩૦/– બાબતે કોઈ હકીક્ત ફરીયાદીએ તેમની નોટીસ–ફરીયાદ–સરતપાસમાં જણાવેલ નથી.

ફરીયાદીની ફરીયાદ મુજબ રૂા. ૨૫,૬૮,૮૯૫–૨૦ પૈ. આરોપી પાસેથી ledger account મુજબ લેવાના થાય છે તો પણ કહેવાતી રકમ વધારાની છે.

| | |
|---|---|
| આંક–૧/આંક–૪/ નોટીસમાં ફરીયાદીએ જણાવ્યા અનુસાર કુલ્લે રૂા. | રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા |
| આંક–જની ઉલટ તપાસમાં ફરીયાદીએ સ્વીકારેલી રકમ તથા આંક–૫૨ થી રજૂ આરોપીના બેંક સ્ટેટમેન્ટ<br>રૂા.૧,૦૦,૦૦૦/– તા.૧૮/૦૪/૧૯<br>રૂા.૧૫,૯૩૦/– તા.૧૮/૦૪/૧૯ | – રૂા.૧,૧૫,૯૩૦/– |
| રૂા.૫૨૦૦૦/– તા.૦૮/૦૭/૧૯<br>રૂા.૩૬૦૦૦/– તા.૦૮/૦૭/૧૯<br>ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ ફરીયાદીને ખબર નથી તે નાણા | –રૂા.૮૮,૦૦૦/– |
| કહેવાતી કુલ્લે બાકી રકમ | રૂા.૨૩,૬૪,૯૬૫/–<br>(તકરારી ચેકમાં જણાવેલી રકમથી ઓછી) |

ફરીયાદીના કહ્યા મુજબ ધંધાકીય અને હાથ ઉછીના નાણા કુલ્લે રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા પૈકી કુલ રૂા.૨૪,૮૪,૦૫૪/– ના ચેકો આપેલા છે તેની ગણતરી કરતા પણ ચેકોમાં જણાવેલી કહેવાતી રકમથી ઓછી રકમ લેવાની થાય.

| | |
|---|---|
| આંક–૧/આંક–૪/ નોટીસમાં ફરીયાદીએ જણાવ્યા અનુસાર કુલ્લે રૂા. (ચેકની કુલ રકમ) | રૂા.૨૪,૮૪,૦૫૪/– |
| આંક–જની ઉલટ તપાસમાં ફરીયાદીએ સ્વીકારેલી રકમ<br>રૂા.૧,૦૦,૦૦૦/– તા.૧૮/૦૪/૧૯<br>રૂા.૧૫,૯૩૦/– તા.૧૮/૦૪/૧૯ | – રૂા.૧,૧૫,૯૩૦/– |
| રૂા.૫૨૦૦૦/– તા.૦૮/૦૭/૧૯ | –રૂા.૮૮,૦૦૦/– |

| | |
|---|---|
| રૂ.૩૬૦૦૦/– તા.૦૮/૦૭/૧૯<br>ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ ફરીયાદીને ખબર નથી તે નાણા | |
| કહેવાતી કુલે બાકી રકમ | રૂ.૨૨,૮૦,૧૨૪/–<br>(તકરારી ચેકમાં જણાવેલી રકમથી ઓછી) |

આમ, ફરીયાદવાળા ચેક સહિત અન્ય ચેકો કાયદેસરની લેણી રકમ કરતા વધારે રકમનો ચેક બાઉન્સ ફરીયાદીએ કરાવેલ હોઇ જેથી પણ ધ નેગો. ઇન્સ્ટ્રુ,એકટની કલમ ૧૩૮ હેઠળ હોમતદાર નિર્દોષ છીએ તેમ સ્પષ્ટ ધ નેગો.ઇન્સ્ટ્રુ એકટની કલમ ૧૩૯ હેઠળ અનુમાન વ્હોમતદારની તરફેણમાં સ્પષ્ટ જણાઈ આવે છે. જે અંગે નામદાર Supreme Court of India:: Bench Honorable Jst. Dr. Dhananjaya Y Chandrachud and Jst. Hima kohli ::- Dashrathbhai Trikambhai Patel vs Hitesh mahendrabhai patel on 11 October, 2022 :: No offence under Sec : 138 NI Act if Cheque is presented for FULL Amount without endorsing part payment made by borrower: Pera No. 11. The primary contention of the first respondent is that the offence under Section 138 was not committed since the amount that was payable to the appellant, as on the date the cheque was presented for encashment, was less than the amount that was represented in the cheque ::
This appeal arises from a judgment dated 12 January 2022 of the High Court of Gujarat. The High Court dismissed an appeal against the judgment of the Additional Chief Judicial Magistrate dated 30 August 2016 by which the first respondent was acquitted of the offence under Section 138 of the Negotiable Instruments Act 18811. At the core, the issue is whether the offence under Section 138 of the Act would deem to be committed if the cheque that is dishonoured does not represent the enforceable debt at the time of encashment. If a cheque presented for collection of total value of the cheque without endorsing the part payment made by drawer (section 56 of N.I.Act), is dishonored no offence under section 138 would be attracted, આમ, પાર્ટ પેમેન્ટ ફરીયાદીને થયેલ હોવા છતાં કુલ એમાઉન્ટનો ચેક બનાવી તે બાઉન્સ કરાવેલ છે જે નોટીસ– ફરીયાદમાં સદરહુ ત્હોમતદારે આપેલા નાણાંના કોઇ ઉલ્લેખ ફરીયાદીએ કરેલો નથી.

Complainant must prove transaction:- ::: (Supreme Court of India, 2014) ::: John K. Abraham v. Simon C. Abraham & Anr. was a 2014 decision of the Supreme Court of India addressing evidentiary standards under Section 138 of the Negotiable Instruments Act, 1881, which criminalizes cheque dishonor. The judgment clarified that complainants must prove the foundational facts of debt and transaction before statutory presumptions can arise in their favor. ::: Key facts ::: Court: Supreme Court of India :::

Bench: Justices S.S. Nijjar and Fakkir Mohamed Ibrahim Kalifulla ::: Decision date: December 5, 2013 (reported 2014 (1) JCC [NI] 31) ::: Legal issue: Dishonor of cheque under Section 138 of the Negotiable Instruments Act ::: Outcome: Appeal allowed; acquittal restored ::: Background and proceedings ::: The complainant alleged that the accused borrowed 1.5 lakh and issued a cheque drawn on Indian Overseas Bank, Plankamon Branch, which was returned for "insufficient funds." After the statutory notice went unanswered, the trial court acquitted the accused, finding the complainant's testimony inconsistent and unsupported. The Kerala High Court reversed that acquittal, relying on statutory presumptions to convict.::: Supreme Court reasoning ::: The Supreme Court emphasized that presumptions under Sections 118 and 139 of the Act apply only when the complainant first establishes basic facts-namely, the existence of a legally enforceable debt and issuance of the cheque by the accused. It found material contradictions in the complainant's evidence: uncertainty about when or how the loan was given, who wrote the cheque, and the source of funds. Such deficiencies undermined the presumption of liability. The Court held that the High Court had erred in disregarding the trial court's detailed evaluation of these flaws. ::: Significance ::: The ruling reaffirmed that prosecution for cheque dishonor cannot succeed on presumptions alone. It is frequently cited for the principle that a complainant must first prove the factual foundation of a financial transaction before the reverse burden provisions of Sections 118 and 139 shift the onus to the accused. This judgment remains a key precedent shaping how Indian courts evaluate evidence in prosecutions under the Negotiable Instruments Act.

It has been held by Hon'ble Supreme Court of India in the judgment titled Rangappa vs. Sri Mohan, (2010) 11 SCC 441 that a reverse onus clause usually imposes an evidentiary burden and not a persuasive burden and when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. It was further held that the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.

ફરીયાદીની હકીક્ત મુજબ આરોપી પાસેથી બાકી રૂા.૨૫,૬૮,૯૮૫.૨૦ પૈસા લેવાના હોવા છતાં ઓછી રકમ રૂા.૨૪,૮૪,૦૫૪/- ના ચેકો સ્વીકારેલા છે. તેવી કોઈ હકીક્ત

ફરીયાદમાં જણાવેલ નથી “આંક–૪ થી ફરીયાદી ઉલટ તપાસમાં કબૂલ રાખે છે કે એ વાત ખરી છે કે મેં ઓછી રકમ સ્વીકારેલ છે તે અંગેની વિગત ફરીયાદ કે સરતાસમાં જણાવેલ નથી.”

ફરીયાદીએ તેમની લીગલ નોટીસ, ફરીયાદ, સરતપાસમાં તકરારી ચેકો ક્યારે ? ક્યાં ? આપેલા તેવી કોઈ હકીક્ત જણાવેલી નથી. તેમજ પાર્ટ પેમેન્ટ માટે અલગ અલગ ચેકો શા માટે આપ્યા? તેવી હંકીક્તો પણ ફરીયાદીએ જણાવેલી નથી. જેથી llability doubtful બને છે.

In the present case, the complainant has alleged business transactions and loan liability against the accused, but has failed to produce reliable and independent evidence to prove the same. The complainant has only relied upon Tally ledger account and tax invoices, which are self-serving documents and do not bear any signature, seal, or acknowledgment of the accused. The complainant has further alleged that loan amount was paid through bank transaction, but no bank statement, receipt, agreement, or documentary proof has been produced before this Hon'ble Court. When the complainant himself relies upon bank transaction, non-production of best evidence creates serious doubt about the alleged liability. It has also come on record that there is no receipt, no written acknowledgment, and no admission by the accused regarding the alleged loan or invoices. Therefore, the existence of legally enforceable debt is not proved. In view of the above facts and settled legal position, the complainant has failed to prove the case beyond reasonable doubt, and therefore the accused is entitled to acquittal. ચાને અમો આરોપી નિર્દોષ છીએ તેમ જાહેર કરવા નમ્ર અરજ છે."

(૭) આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી પાસે તેમની બાકી લેણી રકમ નીકળતી હતી અને તે બાકી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને પોતાના કોટક મહીન્દ્રા બેંક અંકલેશ્વર શાખાનો ચેક નં. ૦૦૦૧૨૯, રકમ – ૪,૮૦,૨૪૬/– , તા. ૧૪/૦૪/૨૦૨૨ ના રોજનો આપેલ જે નાણાંની વસુલાત માટે ફરીયાદીએ પોતાન ખાતામાં જમા કરતા સદર ચેક '' ફંડસ ઈનસફીસીયન્ટ '' ના શેરા તથા રીટર્ન મેમો સાથે પરત ફરેલ. સદર ચેક રીટર્ન થતા ફરીયાદીએ તેઓના વ.શ્રી મારફતે તા. ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ પાઠવેલ જે તેઓને બજી ગયેલ હોવા છતાં ફરીયાદીને તેની કાયદેસરની લેણી રકમ નિયત સમયમા ચુકવી નહી આપી આરોપી

એ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૯) **મુદ્દા નં.૧ :–**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ધી.નેગો.ઈ.એકટની કલમ : ૧૩૮ અન્વયે સજાનેપાત્ર ગુન્હાહિત કૃત્ય અંગે ચલાવવામાં આવી છે. સદર કલમ અંગેનો સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામા આવ્યો હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર હોય છે જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરંતજ ધી નેગો.ઈ.એકટની કલમ:૧૩૯ અન્વયે એક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ એક ડ્રો કરનાર યાને કે હાલના આરોપીની વિરુઘ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનુ રહે છે જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો આરોપીની ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરુરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનુ ખંડન થયાનું ગણી શકાય.

આ કામમા ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોઈએ તો આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી યોગેશ્વર ફાયબર ફેબ્રીકેટસના માલીક ધનરાજ આર. પાટીલએ આંક–૧ થી ફરીયાદ રજુ કરેલ છે જેમાં જણાવેલી સમગ્ર હકીકતોને આંક–૪ ના સરતપાસ સ્વરુપી સોગંદનામાથી સમર્થન આપ્યુ છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સબંધો ઉપરાંત ધંધાકીય સબંધ પણ ચાલી આવેલ હોય જે સબંધમાં આરોપી

તેની ધંધાકીય જરુરીયાત માટે ફરીયાદી પાસે ઉધાર માલની ખરીદી કરતા આવેલા અને તે ઉધાર માલના બીલો પણ ફરીયાદીએ જે તે સમયે આરોપીને પુરા પાડેલા અને તે બીલોની રકમની ચુકવણી પેટે આરોપી ફરીયાદીને બેંક ખાતા દવારા ચુકવણી કરતા આવેલા જે ઉધાર જમા બાજુનો હિસાબ ફરીયાદી તેના ધંધાકીય ચોપડે નિભાવતા આવેલા. આ ઉપરાંત આરોપી અને ફરીયાદી વચ્ચે અંગત મિત્રતાના સબંધ હોય આોરપીને અવાર નવાર નાણાંકીય જરુરીયાત ઉભી થતા ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાં પણ લેતા હતા. જે આ કામના આરોપીની જરુરીયાત મુજબ હાથ ઉછીની નાણાકીય રકમ ફરીયાદીએ આરોપીને બેંક ખાતા દવારા ટ્રાન્સફર/ચેકથી આપેલ. આમ, ધંધાકીય હિસાબ અને અંગત હાથ ઉછીની રકમનો હિસાબ કરતા જુન – ૨૦૨૧ સુધીમા આરોપીઓ પાસે કુલ રકમ રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે. જે કુલ બાકી રકમની આંશિક રકમની ચુકવણી પેટે આરોપી નં.૨ નાએ આરોપી નં.૧ ના બેંક ખાતાના જુદા–જુદા ચેકો આપેલા જે પૈકી એક ચેક જે ચેક જેનો નં. ૦૦૦૧૨૯, તા.૧૪/૦૪/૨૦૨૨ ના રોજનો રૂ.૪,૮૦,૨૪૬/– નો કોટક મહીન્દ્રાબેંક અંકલેશ્વર શાખાનો લખી આપેલો. જે ચેક ફરીયાદીએ તેની બેંક એચ.ડી.એફ.સી. બેંક લી., અંકલેશ્વરમાં રજૂ કરતા તે ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના કારણથી પરત ફરેલ છે. રજૂ દસ્તાવેજો ધ્યાને લેતાં ફરીયાદીએ ચેક રજૂ કરેલ આંક–૨૨ થી રજુ કરેલ છે.

(૧૦) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અનુસારનો ગુનો બનવા માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના પુર્ણ અથવા અંશત: ચુકવણા માટેનો હોવો જોઈએ.આ કામે ફરીયાદીએ તેના સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકર્તા તમામ હકિકત દર્શાવેલ છે. જેમા આ કામના ફરીયાદી એવી હકિકત જાહેર કરે છે કે, ફરીયાદી યોગેશ્વર ફેબ્રીકેટર્સના નામથી વેપાર કરે છે અને સદર ધંધાકીય પેઢી મુખ્યત્વે પી.પી.એફ. આર.પી. સ્ટોરેજ ટેન્ક પોલ્યુશન કંન્ટ્રોલ સીસસ્ટમ એફ.આર.પી. મોટર કેનોપી, દરેક પ્રકારના કેનોપી, દરેક પ્રકારના સ્ક્રબર સીસ્ટમ , એફ.આર.પી. ગ્રેટીગ, એસ.એસ, એમ.એસ. પી.પી.,એફ.આર.પી. બ્લોવર જે લગતો વેપાર –ઉત્પાદન કરે છે અને સદર પેઢી જી.એસ.ટી. નં બર પણ ધરાવે છે. જેનો જી.એસ.ટી. નં. 24AOAPP4852P1ZI છે. આરોપી નં.૧ તે **TODAYS INDUSTRIES** ના નામથી ધંધાકીય પેઢી છે અને આરોપી નં. ૨ તે નં.૧ પેઢીના વહીવટકર્તા તેમજ અધિકૃત સહી કર્તા છે. તેમજ આરોપી નં. ૧ જી.એસ.ટી. નંબર ધરાવે છે અને આરોપી નં.૧ નો જી.એસ. ટી. નં. 24ECJPS0034121ZJ છે. ફરીયાદી અને આરોપી નં.૨ વચ્ચે અંગત

ઓળખાણ અને મિત્રતાના સંબંધો ઉપરાંત ધંધાકીય સંબંધ પણ ચાલી આવેલ છે. જે ઓળખાણ, મિત્રતા અને ધંધાકીય સંબંધમાં આરોપી તેમની ધંધાકીય જરૂરીયાત માટે ફરીયાદી પાસેથી ઉધાર માલની ખરીદી કરતા આવેલ અને તે ઉધાર માલના જી.એસ.ટી. સહીતના બીલોની રકમની ચુકવણી પેટે આરોપી અને ફરીયાદીને બેંક ખાતા ધ્વારા ચુકવણી કરતા આવેલા. જે ઉધાર જમા બાજુનો હિસાબ ફરીયાદી ધંધાકીય ચોપડે નિભાવતા આવેલા છે. આ ઉપરાંત આરોપી નં. ૨ અને ફરીયાદી વચ્ચે અંગત મિત્રતાના સંબંધ પણ હોય જેથી આરોપીઓને અવાર નવાર નાણાં ાકીય જરૂરીયાત ઉભી થતા આરોપી ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાં પણ લેતા હતા જે આરોપીઓની જરૂરીયાત મુજબની હાથ ઉછીની નાણાંકીય રકમ ફરીયાદી તેમની માંગણી મુજબ જુદી જુદી તારીખોએ બેંક ખાતા ધ્વારા ટ્રાન્સફર /ચેકથી આપેલ છે. જે અંગેનો હિસાબ પણ ફરીયાદી તેમના હિસાબી ચોપડામાં નિભાવતા આવેલા છે. આમ, ધંધાકીય હિસાબ અને અંગત હાથ ઉછીની રકમનો હિસાબ કરતા ફરીયાદીએ જુન–૨૦૨૧ સુધીમાં આરોપીઓ પાસે કુલ રૂા. ૨૫,૬૮, ૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી પડે છે. જે કુલ બાકી રકમની આંશિક ચુકવણી પેટે આરોપી નં. ૨ નાએ આરોપી નં.૧ ના બેંક ખાતાના નીચે મુજબની વિગતના જુદા જુદા ચેકો આરોપી નં. ૨નાએ તેમની સહી કરી ફરીયાદીની ફેવરમાં લખી આપેલા અને ચેકો લખી આપતી વખતે ફરીયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલો કે ચેકો રીટર્ન થશે નહી અને ચેકોના નાણાં જમા મળી જશે. જેથી ફરીયાદીએ નીચે મુજબની વિગતના જુદા જુદા ચેકો સ્વીકારેલા.

**ચેકની વિગત**

| અનું.નં. | ચેક નંબર | બેંકનું નામ | રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૦૦૦૧૨૯ | કોટક મહીન્દ્રા બેંક અંકલેશ્વર | ૪,૮૦,૨૪૬/– | ૧૪/૦૪/૨૦૨૨ |
| ૨ | ૦૦૦૧૮૪ | | ૫,૬૨,૨૭૦/– | ૧૬/૦૪/૨૦૨૨ |
| ૩ | ૦૦૦૦૪૫ | | ૧૩,૧૨,૪૬૦/– | ૧૭/૦૪/૨૦૨૨ |
| ૪ | ૦૦૦૧૮૫ | | ૧,૨૯,૦૭૮/– | ૧૮/૦૪/૨૦૨૨ |
| | | **કુલ રકમ** | **૨૪,૮૪,૦૫૪/–** | |

આ કામના આરોપીઓએ આપેલ વિશ્વાસ અને ભરોસાને ધ્યાને લઈ ફરીયાદીએ ઉપરોકત ચેકો પૈકી અનુક્રમ નં. ૧ ચેક નં. ૦૦૦૧૨૯ ની વિગતવાળો ચેક સ્વીકાર અર્થે ફરીયાદીએ તેના એચ.ડી.એફ.સી. બેંક લી. અંકલેશ્વરના બેંક ખાતામાં રજુ કરતા આરોપી નં. ૧ ના બેંક ખાતામાં

ચેક સ્વીકારાય તેટલું ભંડોળ ન હોવાથી ઉપરોકત ચેક નં. ૦૦૦૧૨૯ ની વિગત વાળો ચેક તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ. આમ, આરોપીઓએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારીની ચુકવણી માટે આપેલ ઉપરોકત ચેક નં.૦૦૦૧૨૯ ની વિગતવાળો ચેક તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ વગર સ્વીકારાયે રીટર્ન થવાથી ફરીયાદીએ તેના વકીલશ્રી પાસે તા. ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ તૈયાર કરાવી આરોપીઓના સરનામે રજી. પો.એ.ડી.થી. નોટીસ મોકલાવેલ હતી. અને સદર નોટીસમાં રીટર્ન થયેલ ચેકના નાણાં દિન–૧૫ માં ચુકતે કરી દેવા તેમજ બીજી અન્ય વિગતો જણાવેલ હતી. જે નોટીસની બજવણી આરોપીઓને તા. ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ થઈ ગયેલ છે. આરોપીઓએ તેમના કાયદેસરના દેવા અને જવાબદારી પેટે લખી આપેલ ચેક વગર સ્વીકારાયે રીટર્ન આવવાથી તેમજ તે અંગેની નોટીસ આપવા છતા આરોપીઓએ નોટીસનો અમલ કરેલ ન કરી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોય જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૧) ત્યારબાદ આ કામે આરોપીપક્ષ ધ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ની જોગવાઈનું ખંડન કરવા માટે ફરીયાદપક્ષના પુરાવાને રીબર્ટ કરતુ અનુમાન કરવા માટે ફરીયાદીની આરોપીપક્ષ ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ફરિયાદી ઉલટતપાસમાં જણાવે છે કે, '' હું એસ.એસ.સી. પાસ છુ મને ગુજરાતી વાંચતા આવડે છે લખતા આવડતું નથી. એ વાત ખરી નથી કે, યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસ મે સને ૨૦૧૭ માં શરૂ કરેલું. મારા યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસમાં ૧૦ લોકો કામ કરે છે. મારી ઓફીસમાં પાયલબેન નામના કર્મચારી કામ કરે છે. પાયલબેન ઓફીસમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. એ વાત ખરી છે કે, આરોપીની ઓળખાણ કેવી રીતે થયેલી તેની વિગત મારી સરતપાસ, ફરીયાદ કે નોટીસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ તા. ૨૪/૦૫/૨૦૧૯ ના રોજ ચાલુ કરેલું. એ વાત ખરી છે કે , આ ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ ભાગીદારીમાં શરૂ કરેલુ. એ વાત ખરી છે કે, આ ટુ ડે લાઈટીંગસ સીસ્ટમના ભાગીદાર તરીકે રવીન્દ્રનાથ સીંગ એટલે કે આરોપી છે. એ વાત ખરી છે કે ટુ ડે લાઈટીંગસ સીસ્ટમનું સરનામુ પ્લોટ નં. ૨૫, યોગી એસ્ટેટ જી.આઈ.ડી.સી. છે. ટુ ડે લાઈટીગસ સીસ્ટમમાં આરોપી ૫૦% ના ભાગીદાર છે. ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ ફર્મ સને ૨૦૨૦માં બંધ થઈ ગયેલી છે. હું આ ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ ફર્મના ખરીદ વેચાણના બીલો, બેંક સ્ટેટમેન્ટ રજુ કરવા ખુશી છું. એ વાત ખરી

નથી કે સને ૨૦૧૯ થી ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ, યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસ અને ટુ ડે ઈન્સ્ડસ્ટ્રીઝના સરનામા એક જ હતા. હું મારી યોગેશ્વર ફાઈબર ફેબીકેટસ ફર્મના સને ૨૦૧૮ થી ૨૦૨૨ સુધીના ઓડીટ રીપોર્ટ રજુ કરી શકુ છું. એ વાત ખરી છે કે, આ કામે રજુ કરેલ આંક– ૧૩ વાળું લેજર કોમ્પ્યુટર પ્રિન્ટેડ છે. એ વાત ખરી છેકે આ લેજર મે મારા કોમ્પ્યુટરમાંથી પ્રિન્ટ આઉટ કાઢી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આ કામે યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસના બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩ વાળા લેજરમાં જે તા.૦૧/૦૫/૨૦૧૯ , ૨૬/૦૫/૨૦૧૯, ૦૬/૦૧/૨૦૧૯ , ૦૬/૦૪/૨૦૨૦,૨૬/૦૫/૨૦૨૦ ની જે એન્ટ્રીઓ છે તેવી કોઈ અમાઉન્ટ મે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝને મોકલેલ નથી. એ વાત ખરી છે કે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝએ તા. ૧૮/૦૪/૨૦૧૯ ના રોજ રૂા. ૧,૦૦,૦૦૦/– અને રૂા. ૧૫,૯૩૦/– ચેક ધ્વારા ચુકવી આપેલ છે. એ વાતની મને ખબર નથી કે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝએ તા. ૦૮/૦૭/૨૦૧૯ ના રોજ રૂા. ૫૨,૦૦૦/– અને રૂા. ૩૬,૦૦૦/– ચેક ધ્વારા ચુકવી આપેલ છે. એ વાત ખરી છે કે ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ અને ટુ ડે ઈન્સ્ડસ્ટીઝનો ધંધો એક જ પ્રકારનો છે. એ વાત ખરી છેકે આ ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ અને ટુ ડે ઈન્સ્ડસ્ટ્રીઝના ડીલરો અને ગ્રાહકો તથા માલ આપનાર એજન્સીઓ પણ એક જ હતી. એ વાત ખરી છે કે, સને ૨૦૧૯ માં યોગેશ્વર ફાઈબર ફેબ્રીકીસ, ટુ ડે લાઈટીંગસ સીસ્ટમ અને ટુ ડે ઈન્સ્ડસ્ટ્રીઝના બ્રાઉચર એક જ સરનામાના છાપવામા આવેલા. હવે હું જણાવુ છુ કે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝનું બ્રાઉચર છાપેલુ ન હતું. એ વાત ખરી છેકે આ કામે જે ઈનવોઈસ બીલ રજુ કરેલ છે તેમાં આરોપીના રીસીવના સિકકા નથી, એ વાત ખરી છે કે, આ તમામ બીલો અમારા સીસ્ટમમાંથી જનરેટ કરી પ્રિન્ટ કરેલા છે. એ વાત ખરી છે કે, મારે ફરીયાદો પ્રમાણે આરોપી પાસેથી કુલ રૂા. ૨૫,૬૮,૮૯૫.૨૦ પૈસા લેવાના નીકળતા હતા મે સને ૨૦૧૯ થી ૨૦૨૧ દરમ્યાન યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસના વેચાણ અંગેના બીલો રજુ કરવા ખુશી નથી . સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અન્ય ગ્રાહકોના ન આપી શકુ આરોપીના બીલો રજુ કરી શકું. એ વાત ખરી નથી કે મારે આરોપી સાથે તા. ૦૭/૦૬/૨૦૨૧ બાદ કોઈ ધંધાકીય વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે, મને આરોપી પાસેથી લેવાના નાણાં રકમ રૂા. ૨૫,૬૮,૮૯૫.૨૦/– પૈસા પૈકી આરોપીએ મને ચેક ધ્વારા કુલ રકમ રૂા. ૨૪,૮૪,૦૫૪/– ના ચેકો આપેલ છે જે મે સ્વીકારેલ છે. એ વાત ખરી છે કે, મે ઓછી રકમ સ્વીકારેલ છે તે અંગેની વિગત ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદવાળા ચેકોમાં વિગતો મે ભરેલી છે. એ વાત ખરી નથી કે આ ફરીયાદવાળા ચેકો આરોપી મારી સાથે ધંધો કરતા હતા

ત્યારે ગમે તેમ કરીને મેળવી લીધેલ છે અને તેનો દુરપયોગ કરેલ છે.ફરીયાદમાં આરોપીના જે સરનામે દુકાન કે મિલકત દર્શાવેલ છે તે કોની માલિકીની છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે મે મોકલેલ લીગલ નોટીસ આરોપીને મળેલ નથી. એ વાતની મને ખબર નથી કે મે મોકલેલ નોટીસ મોતીરામે રીસીવ કરેલી. એ વાત ખરી નથી કે મે આરોપી ધંધામાં ભાગીદાર બનાવી એક જ સરનામાવાળી અલગ અલગ ફર્મ ઉભી કરી આરોપીના ખોટી રીતે ચેકો મેળવી તેનો દુરપયોગ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે મારે કોઈ કાયદેસરની લેણી રકમ નીકળતી ન હોવા છતાં ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છું. ''

(૧૨) ત્યારબાદ આરોપીપક્ષ તરફે આરોપી ટુ ડે ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર રવિન્દ્ર નાથ સીંગ ને આંક– ૪૫ થી સોગંદ ઉપર તપાસવામા આવે છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આરોપી ધંધો સને ૨૦૧૭ થી કરે છે. સદરહું ફર્મથી ઈન્ડસ્ટ્રીયલ લાઈટીંગ (મેન્યુફેકચરીંગ) એફ.આર.પી. પ્રોડકટ (રીસેલ) નું વેચાણ કરવાનો ધંધો કરે છે. ફરીયાદી યોગેશ્વર ફાઈબર ફેબ્રીકસના નામથી એફ.આર. પી. ફાઈબર મટરીચલનું વેચાણ કરવાનો ધંધો કરતા હતા. આરોપી સને ૨૦૧૭ થી ફરીયાદીની દુકાનમાંથી ફાઈબર મટીરીયલ ખરીદ કરતા હતા જેથી એકબીજાની ઓળખાણ થયેલી. ફરીયાદીએ આરોપીને સને ૨૦૧૮ માં જણાવેલ હતુ કે તમે શું કામ ધંધો કરો છો? જેથી આરોપીએ જણાવેલ હતુ કે હું ઈન્ડસ્ટ્રીયલ લાઈટીંગનું મેન્યુફેકચરીંગ અને એફ.આર. પી.પ્રોડકટનું વેચાણ કરવાનો ધંધો કરુ છું. જેથી ફરીયાદીએ જણાવેલ હતુ કે જગ્યા તમારી માલિકીની છે? જેથી અમોએ જણાવેલ કે ના ભાડેથી જેથી ફરીયાદીએ આરોપીને જણાવેલ હતુ કે મારી પાસે યોગી એસ્ટેટમાં જગ્યા છે આપણે ઈન્ડસ્ટ્રીયલ લાઈટીંગ મેન્યુફેકચરીંગ એફ.આર.પી. પ્રોડકટ વેચાણ કરવા પાર્ટનરશીપ ડીડ બનાવી "Today's Lighting system" ના નામથી ધંધો ચાલુ કરેલો હતો અને સરકારશ્રીના નીતી નિયમો મુજબ જી.એસ.ટી. નં. એપ્લાઈ કરવાની તારીખ આવતા તા. ૨૪/૦૫/૨૦૨૩ ના રોજ "24AAPFT0 251M1ZY" જી.એસ.ટી. નંબર લીધેલ હતો તેમજ તેમા આરોપી અને ફરીયાદીનો ફોટો નામ સહિત પાર્ટનર હોવાનું પણ જાહેર કરેલ છે અને સને ૨૦૧૯ થી જ ફરીયાદીના કહયા મુજબ "Todays Industries"નું પણ કામ ધંધો "GS-54, Sargam Residency, Valiya road, Kosamdi, Ankleshwar" ખાલી કરીને સદરહું પ્લોટ નં. ૨૫ યોગી એસ્ટેટ મોજે જીતાલી તા. અંકલેશ્વર જી.ભરૂચ ખાતે ચાલુ કરેલો હતો. આમ પ્લોટ નં. ૨૫ યોગી એસ્ટેટ મોજે જીતાલી તા. અંકલેશ્વર જી.ભરૂચ ઉપર "Yogeshwar Fiber Fabricator, Today's Industries, Today Lighting System" તમામ ફર્મનું વહીવટ કાગળો બેંક

પાસબુકો, ચેકો રાખતા હતા. અને સદરહું તમામ સીસ્ટર કન્સર્ન ફર્મમાંથી જી.એસ.ટી.ની રકમ એકઝટ કરવા માટે બિલો અને મટીરીચલનું એકઝસ્ટમેન્ટ કરતા હતા. તેવીજ રીતે "Yogeshwar Fiber Fabricator, Today's Industries, Today Lighting System" તમામ ફર્મનું એકજ સરનામુ દર્શાવી તેમજ ફરીયાદી અને આરોપીનું નામ દર્શાવી "Browser" તેમજ "Visiting Card" પણ છપાવી માર્કેટમાં પ્રસિઘ્ધ કરેલ હતુ અને તે રીતે ગ્રાહકો પણ આરોપી અને ફરીયાદીને ઓળખતા હતા. આરોપી માર્કેટીંગ સપ્લાઈ ડીપાર્ટમેન્ટ તેમજ ફરીયાદી વહીવટી ડીપાર્ટમેન્ટમાં હતા આ ત્રણેય ફર્મમાં કુલ ૬ ઈસમો કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. તેમજ પાયલબેન ડોકયુમેન્ટસ બેંક ઓફીસમાં કર્મચારી તરીકે કામ કરતી હતી.તેમજ આરોપી અને ફરીયાદીના સહી વાળા કોરા ચેકો રાખતી હતી. સને ૨૦૨૧–૨૨ માં ફરીયાદીએ આરોપીની પાર્ટનરશીપ મુજબ નાણાં ન આપતા તેમજ જી.એસ.ટી. ફરીયાદી બચાવવા માટે આરોપીના ફર્મમાંથી એકઝસ્ટમેન્ટ કરતા વધારે કરતા હોવાથી આરોપીએ આ બાબતે વાંધો લેતા ફરીયાદીએ આરોપી સાથે ધંધાકીય હિસાબ બંધ કરી આપણે હવે સાથે ધંધો કરવો નહી. પછી હિસાબ કરી લઈએ તેમ જણાવી ધંધો બંધ કરેલો હતો અને વારંવાર હિસાબની વાતચીત કરવાનું જણાવતા ફરીયાદીએ ખોટી રીતે ખોટા બિલો બનાવી આરોપીના ચેકો ફરીયાદીએ સંયુકત ધંધાકીય સ્થળ ઉપરથી લઈ બાઉન્સ કરાવેલા હતા જેની જાણ આરોપીને ન હતી તેમજ ફરીયાદીએ આરોપીને કોઈ નોટીસ મોકલેલ નથી અને મળેલ નથી. ફરીયાદીએ બેંક ટ્રાન્જેકશનમાં તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ કોટક મહીન્દ્રા બેંક ચેક નં. ૮૨ રૂા. ૧ ૫,૯૩૦/– તેમજ ચેક નં. ૮૧ રૂા. ૧,૦૦,૦૦૦/– તેમજ ચેક નં.૯૭ તા. ૦૮/૦૭/૨૦૧૯ રૂા. ૩૬,૦૦૦/– તેમજ ચેક નં.૯૮ રૂા. ૫૨,૦૦૦/– ની રકમ જમા બેંક મારફતે ફરીયાદી લીધા હોવા છતાં તે જણાવેલ નથી. તેમજ તા. ૦૬/૧૦/૨૦૧૯ ના રોજ રૂા. ૨૦,૦૦૦/– તેમજ તા. ૦૬/૦૪/૨૦૨૦ રૂા. ૫૦,૦૦૦/– તેમજ તા. ૨૬/૦૫/૨૦૨૦ ના રોજ રૂા. ૧૫૦૦/– જેવી રકમ આરોપીને બેંક મારફતે ફરીયાદીએ કોઈ રકમ આપેલ નથી. સદરહુ કામે નિ.૪૪/૧ થી "Today's Lighting system" ભાગીદારી ફર્મના જી.એસ.ટી. સર્ટીફીકેટ રજુ છે જેમા આરોપી અને ફરીયાદી સંયુકત ભાગીદાર હોય તેમ દર્શાવી ફોટો અને નામ સાથે તેમજ ધંધાકીય સ્થળનો ઉલ્લેખ સહીતનું સર્ટીફીકેટ છે જે અસલ ફરીયાદી પાસે છે તેમજ નિ.૪૪/૨ થી "Visiting Card" છે જેમા આરોપી અને ફરીયાદીનું ધંધાકીય સ્થળ એક જ છે તેમજ નિ.૪૪/૩ થી "Browser" માં પણ ફરીયાદી અને આરોપી સાથે એકજ પ્રકારનો સાથે જ ધંધો કરતા હોય તેમ સ્પષ્ટ જણાય આવે છે. નિ.૪૪/૪ થી "Browser" માં પણ ફરીયાદી અને આરોપી સાથે એકજ પ્રકારનો ધંધો કરતા

હોય તેમ સ્પષ્ટ જણાય આવે છે. તેમજ સદરહુ કામે આરોપીએ પોતાનુ કોટક મહેન્દ્રા બેકનુ બેંક સ્ટેટ મેન્ટ રજુ કરેલ છે જેમા ફરીયાદીના ખાતામા તા.૧૮/૦૪/૨૦૧૯ ના રોજ ચેક નં. ૮૨ થી રૂા.૧૫૯૩૦/– તેમજ, ચેક નં.૮૧ થી રૂા.૧,૦૦,૦૦૦/– તેમજ તારીખ ૦૮/૦૭/૨૦૧૯ ના રોજ ચેક નં.૮૭ રૂા.૩૬૦૦૦/– તેમજ ચેક નં.૯૮ રૂા.૫૨,૦૦૦/– ફરીયાદીના ખાતે જમા હોવા છતા નામદાર કોર્ટમાં જાહેર કરેલ નથી. ઉપરાંત ફરીયાદીએ આરોપીને ''Today Lighting System" માથી નફાની રકમ તેમજ "Yogeshwar Fiber Fabricator" માથી પણ માર્કેટીંગના નાણા લેવાના હોઈ જે આરોપી માંગણી કરે નહી તેથી સદરહુ આરોપીના ચેકોનો ફરીયાદીએ દુરઉપયોગ કરી બાઉન્સ કરાવેલ ।છે. આમ, ઉપર જણાવેલ હકીકત અને દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો ફરીયાદી કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ કરવા સદરહુ ચેકોનો દુરપયોગ કર્યો છે. ફરીયાદમા જણાવેલી કોઈ કાયદેસરની રકમ આરોપીએ ફરીયાદીને આપવાની થતી નથી.

ફરીયાદી તરફે તેમના વિ.વ.શ્રીએ સદર આરોપીની ઉલટ તપાસ કરતા આરોપી તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુ ડે લાઈટીંગ સીસ્ટમ બંને અલગ અલગ કાયદેસર નોંધાયેલ કંપની છે. એ વાત ખરી છેકે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝના નામનું જી.એસ.ટી. સર્ટીફીકેટ, જી.એસ.૫૪ સરગમ રેસીડન્સના સરનામે ઈસ્યુ થયેલ છે. એ વાત ખરી છેકે ફરીયાદીની પેઢી યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસ તથા ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુ ડે લાઈટીંગ સીસ્ટમ ત્રણેયના આઈ.ટી. રીટર્ન અલગ અલગ ભરવામાં આવે છે. એ વાત ખરી છેકે, મારી ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ કયારેય યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસના સરનામે ધંધો માટે ચાલેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે મારા ખાતાનો ચેક રીટર્ન થાય તો ચેક રીટર્ન અંગેનો મેસેજ મારા મોબાઈલ પર આવે છે.એ વાત ખરી છેકે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝનું બેંક એકાઉન્ટ કોટક મહીન્દ્રા બેંકમાં આવેલુ છે. આ ખાતાનો એકાઉન્ટ નં. ૬૪૧૧૯૨૭૩૫૬ છે. એ વાત ખરી છે કે, આ એકાઉન્ટ મારી સહીથી ઓપરેટ થાય છે. એ વાત ખરી નથી કે ચેક રીટર્ન અંગેની નોટીસ મળેલ છે. એ વાત ખરી નથી કે મને ચેક રીટર્નની નોટીસ મળેલ હોવા છતાં નોટીસ મળ્યાની હકીકત ખોટી જણાવું છું. એ વાત ખરી છેકે મારો ચેક ગુમ થયેલ હોય કે તેનો દુરપયોગ થયેલ હોય તેવી કોઈ ફરીયાદ મે કરેલી નથી. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છું.

(૧૩) સદર કામમાં કેસના ગુણદોષો નકકી કરતા અગાઉ સદરહું કાયદા અંગે સ્પષ્ટીકરણ જરૂરી જણાતુ હોય સદરહું કામમાં જે ગુના સબબ હાલની ફરીયાદ દાખલ થયેલ હોય તેની કાયદાકીય

જોગવાઈ લક્ષમાં રાખીએ તો **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ</u>** :– ફરીયાદ વાળો ચેક એથી વિરુધ્ધનુ સાબીત ન થાય ત્યાં સુધી તે (અ) અવેજ વિશે, (બ) તારીખ વિશે, (ક)સ્વીકારના સમય અંગે, (ડ) તબદીલીના સમય અંગે, (ઈ) શેરાઓના ક્રમ વિશે, (ફ) સ્ટેમ્પ વિશે, (ગ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે, અનુમાન કરવાનું છે.**<u>પુરાવના બોજા વિશે</u>** એ પ્રસ્થાપીત હકીકત છે કે , ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ,તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલીનો સમય,શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અં ગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે.તેવી જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ વંચાણે લેતા તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ,ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવશે કે ,ચેકના ધારકે કલમ – ૧૩૮માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: જવાબદારી હતો '' આમ,કલમ–૧૩૯ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. તેવી જ રીતે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અપૂર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રમથદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાતં ર કરે છે કે , તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮ ,૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણ હાથ ઉપરના કેસમાં , ફરીયાદી વિનીમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરુ છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે , અને જો વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતુ નથી.આમ વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યા સુધી એવુ અનુમાન કરવામા આવશે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ –૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવુ કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવ્યા ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો

તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ કલમ ૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધ નું પુરવાર ન થાય ત્યા સુધી તે ખંડીત થતા નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી. એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૪) આ કામે આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે. તેથી આ કામે કલમ– ૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેવી મને જરુરી જણાય છે.

**<u>કલમ:–૧૩૮</u>.. ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વિકાર:** સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે,કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે,એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા જોગવાઈ કરવામાં આવી છે.પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે, **<u>(એ)</u>** જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી ત્રણ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેન્કમાં રજુ કરવામાં આવ્યો ન હોય. **(બી)** જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક,જેમ હોય તેમ,તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસોની અંદર' તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માગણી કરે નહી અને (સી) જયાં સુધી એવો ચેક લખનાર, ચેકના નાણા લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ,ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યા સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ. **<u>સ્પષ્ટીકરણ:–</u>**આ કલમના હેતુ માટે '' દેવુ અથવા અન્ય જવાબદારી' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય

છે.

**<u>કલમ:-૧૪૨ : ગુનાની નોધ લેવા બાબતે :</u>**

સને ૧૯૭૩(૨ ઓફ ૧૯૭૪) ભારતીય ફોજદારી કાર્યવાહી સંહિતામાં ગમે તે સમાવેશ થતો હોય તેમ છતાં. (૧) ચેકના ધારણકર્તાની તરફેણમાં ચૂકવણી થાય છે તેવી વ્યકિતની લેખીત ફરીયાદ વગર આ કાયદાની કલમ-૧૩૮ અન્વયે સજાપાત્ર ગુનાને કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (૨) આ કાયદાની કલમ-૧૩૮ (૩) હેઠળ ઉત્પન્ન થતા ફરીયાદના કારણથી એક મહીનામાં આવી ફરીયાદ ન્યાયાલયમાં કરવામાં આવી હોય.પરંતુ ''જોગવાઈ કરવામાં આવી છે કે ફરીયાદની નોધ અદાલત ધ્વારા નકકી કરેલ સમય પછી પણ લઈ શકાશે, જો ફરીયાદી અદાલતને સંતોષ આપે કે આવા સમયમાં ફરીયાદ ન કરવા માટે તેને પુરતુ કારણ હતુ.'' (૩) આ કાયદાની કલમ-૧૩૮ અન્વયે સજાપાત્ર કોઈપણ ગુનાની ટ્રાયલ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દરજજાની સિવાયની કોઈપણ અદાલત પગલા લઈ શકશે નહી. (૪) પરત થયેલ ચેક માટે એકજ વખત ગુનાનું કોગ્નિજન્સ લઈ શકાય. પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પણ પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યાર ઉપર ફરીયાદ કરી શકાય અથવા કુલમુખત્યારની ગેરહાજરીમાં કુલમુખત્યારનામુ આપનાર સામે ફરીયાદ થઈ શકે.

**આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ની કલમ-૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.**

૧: કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

૨: ચેકના લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩: ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૪: ચેકનો અનાદર થયાબાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫: નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ

હોવો જોઈએ.

૬: દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય._આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરુધ્ધની હકિકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવે છે કે,તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧ ૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચૂકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામા આવશે. આમ, આ કામે આંક–૨૨ નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજામાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવુ કે જવાબદારી કાયદેસરની છે.અને તેનો કાયદા ધ્વારા અમલ કરાવી શકાય તેવો છે. તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરેશે. આનાથી વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ આંક–૨૨ નો ચેક વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે.

આમ, કલમ–૧૧૮ અને ૧૩૯ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હંમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવા બંધાયેલ છે, અદાલત ફરીયાદીની તરફેણમાં કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન ન કરે તે માટે વિરુધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા ધ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે.પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરુધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે છે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને કલમ–૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને આ બે કલમોમાં જણાવેલ આદેશાત્મક જોગવાઈઓનુ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવુ જોઈએ.

(૧૫) સદર કામમાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે કે, સદર કામમાં ફરીયાદીએ આંક–૪

થી સરતપાસનો પુરાવો આપેલ છે અને તેઓ ઘ્વારા આંક–રર વાળો તકરારી ચેક પોતાના ખાતામાં નાંખેલ જે આંક–ર૩ વાળા રીટર્ન મેમોથી પરત થયેલ. ત્યારબાદ નિયમઅનુસાર સમય મર્યાદાની અંદર આંક–ર૪ થી ડીમાન્ડ નોટીસ આરોપીને આપવામાં આવેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલી ત્યારબાદ આરોપીએ નિયત સમયમા ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ ન હતી જેથી સદરહું ફરીયાદ આરોપી ઘ્વારા અત્રેની કોર્ટમાં નિયમઅનુસાર દાખલ કરવામાં આવેલી. આમ સદરહું ફરીયાદીએ જે ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે દાખલ કરેલ છે તેમાં સદરહું કાયદાના તમામ પ્રાવધાનો પુર્ણ કરવામાં આવેલ છે ત્યારે ફરીયાદીની તરફેણમાં સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ નું અનુમાન ઉત્પન્ન થવા પામેલ છે. આમ, સદરહું આરોપીપક્ષના શીરે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવુ જરૂરી છે. સદરહું ખંડન માટે આરોપીએ વિટનેસ બોકસમાં આવવુ જરૂરી નથી. પરંતુ જો આરોપી પક્ષ ખંડન કરવા માટે ફરીયાદ પક્ષના કેસ પર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો પ્રસ્તુત કરે તો પણ ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે છે અને આમ, જો આરોપી પક્ષ સદરહું ફરીયાદીના ઉપરોકત પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ જાય તો ફરીયાદીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે અને જો તેમાં સફળ જાય તો આરોપીની તરફેણમાં હુકમ કરવો જરૂરી બને છે. ઉપરોકત હકીકતો ઘ્યાનમાં રાખી સદરહું કેસની હકીકતો લક્ષમાં રાખીએ તો,એ હકીકત નિર્વીવાદ છે કે, સદર કામમાં ફરીયાદીની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે અને પોતાના બચાવમા પોતે સોગંદ પર જુબાની આપેલ છે અને રજુ કરેલ દસ્તાવેજો પર આધાર રાખેલ છે. સદરહું કામમાં આરોપી પક્ષે જે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે તેમાંની મુખ્ય હકીકતો લક્ષમાં રાખીએ તો સદરહું ફરીયાદીને તેમના અને આરોપી સાથેના ધંધા બાબતના સવાલ જવાબ કરવામાં આવેલ છે. આરોપી તરફે એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે, ટુડે ઈન્ડસ્ટ્રીઝએ તા.૧૮/૪/૧૯ ના રોજ રૂા.૧,૦૦,૦૦૦/– અને રૂા.૧૫,૯૩૦/– ચેક દવારા ચુકવી આપેલ છે તેમજ, ટુડે ઈન્ડસ્ટ્રીઝએ તા.૮/૭/૧૯ ના રોજ રૂા.પર,૦૦૦/– અને રૂા.૩૬,૦૦૦/– ચેક દવારા ચુકવી આપેલ હોવાનો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે જેની સામે ફરીયાદીએ તેની ફરીયાદ અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, હિસાબ તેઓ તેમના હિસાબી ચોપડામા નિભાવતા આવેલા છે અને ધંધાકીય હિસાબ તેમજ અંગત હાથ ઉછીની રકમનો હીસાબ કરતા ફરીયાદીએ જુન–ર૦ર૧ સુધીમા આ કામના આરોપી પાસે કુલ્લે રકમ રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી નિકળે છે. તેમ જણાવેલ છે જેથી સદર બચાવ માનવાને પાત્ર રહેતો નથી. વધુમાં

આરોપીપક્ષે એવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે કે આ કામે જે ઈનવોઈસ બીલ રજુ કરેલ છે તેમા આરોપીના રીસીવના સિકકા નથી. આ તમામ બીલો સીસ્ટમમાથી જનરેટ કરી પ્રિન્ટ કરેલા છે પરંતુ આરોપીએ કોઈ માલ ફરીયાદી પાસેથી લીધેલો નથી તેનો ઈન્કાર કરેલો નથી અને આરોપીને ફરીયાદી સાથે ધંધાકીય સબંધો ન હતા તેનો પણ ઈન્કાર કરેલ નથી જેથી આરોપીનો સદર બચાવ માનવાને પાત્ર નથી. અત્રે નોંધવુ જરૂરી છે કે, સદરહું ફરીયાદ પક્ષની જે ઉપરોકત વિગતવાર ઉલટ તપાસ થયેલ છે તેને ઝીણવણભરી રીતે લક્ષમાં રાખીએ તો સદર હકીકતો જે આરોપીએ સઝેશન સ્વરૂપમાં પુછેલ છે તે સઝેશનને પુરાવો માની શકાય નહી. તદઉપરાંત આ કામમાં આરોપીએ પોતે આંક–૪૫ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે જેમાની મુખ્ય હકીકત લક્ષમા રાખીએ તો તેમા આરોપીએ ફરીયાદીના ખાતામા તા.૧૮/૪/૧૯ ના રોજ ચેક નં.૮૨ થી રૂા.૧૫,૯૩૦/–, તેમજ ચેક નં.૮૧ થી રૂા.૧,૦૦,૦૦૦/– તેમજ તા. ૦૮/૦૭/૨૦૧૯ ના રોજ ચેક નં.૮૭ રૂા.૩૬,૦૦૦/– તેમજ ચેક નં.૯૮ રૂા.૫૨,૦૦૦/– ફરીયાદીના ખાતે જમા હોવા છતા કોર્ટમા જાહેર કરેલ નથી તેવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ ફરીયાદીએ તેની ફરીયાદ અને સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, હિસાબ તેઓ તેમના હિસાબી ચોપડામા નિભાવતા આવેલા છે અને ધંધાકીય હિસાબ તેમજ અંગત હાથ ઉછીની રકમનો હીસાબ કરતા ફરીયાદીએ જુન–૨૦૨૧ સુધીમા આ કામના આરોપી પાસે કુલ્લે રકમ રૂા.૨૫,૬૮,૮૯૫–૨૦ પૈસા લેવાના બાકી નિકળે છે. તેમ જણાવેલ છે વળી આરોપી પોતાની ઉલટ તપાસમાં સ્વિકારે છે કે, ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુ ડે લાઈટીંગ સીસ્ટમ બંને અલગ અલગ કાયદેસર નોંધાયેલી કંપની છે. ટુ ડે ઈન્ડસ્ટ્રીઝનુ બેંક એકાઉન્ટ કોટક મહીન્દ્રા બેંકમા આવેલુ છે. આ એકાઉન્ટ તેઓની સહીથી ઓપરેટ થાય છે. જેથી સદર બચાવ માનવાને પાત્ર રહેતો નથી. આરોપીનુ સી.આ.પી.સી. ની કલમ ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ હતુ તે નિવેદન દરમ્યાન આરોપી ધ્વારા વિશેષ હકીકતો નામદાર કોર્ટમાં જણાવેલ હતી જે મુજબ ફરીયાદી સાથે તહોમતદારનુ જોઈન્ટ ફર્મ ઓફીસ હોઈ સીકયુરીટી પેટેના ચેકોનો દુરઉપયોગ કરેલ હોવાનો બચાવ બચાવ રજુ કરેલ છે. આ બાબતે ચર્ચા કરીએ તો આરોપી પોતે જ પોતાની ઉલટ તપાસમા સ્વિકારે છે કે તેઓનો ચેક ગુમ થયેલ હોય કે તેનો દુર ઉપયોગ થયેલ હોય તેવી કોઈ ફરીયાદ તેઓએ કરેલી નથી. આરોપીના ચેકનો દુરઉપયોગ થયેલ હોય તો તે અંગેની કોઈ કાર્યવાહી આરોપીએ કરેલ હોય તેવો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. આમ બચાવપક્ષ દવારા ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલી હોય તેવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી.આમ, ઉપરોકત

ચર્ચાના અંતે આરોપીએ જે બચાવો લીધેલા છે પરંતુ તે બચાવો પુરવાર કરવા માટે સદર કામમાં સંપુર્ણ ખંડન કરતો પુરાવાથી પુરવાર કરેલ નથી અને સમગ્ર રીતે ફરીયાદ પક્ષની હકીકતો મુજબ તકરારી ચેક કે જેમાં આરોપીની સહી બાબતે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી અને તે ફંડસ ઈનસીફીસીયન્ટ થી રીટર્ન થયેલ છે અને ત્યારબાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ આપવામાં આવેલી તે આંક–૨૪ વાળી નોટીસ લક્ષમાં રાખીએ તો તેમાં પણ આરોપી ધ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, પોતાને ફરીયાદીએ કોઈ નોટીસ મોકલે નથી અને તેઓને નોટીસ મળેલ નથી પરંતુ આંક –૧ ની ફરીયાદમાં આરોપીનું સરનામું, આંક–૨૪ ની રજી.એ.ડી. નોટીસની સ્થળપ્રતમાં આરોપીનું સરનામું એક જ જણાય છે. આમ ઉપરોકત પુરાવાની હકિકતને લક્ષમાં લેતાં – <u>ધી જનરલ કલોઝીઝ એકટની કલમ – ૨૭ અને ભારતીય પુરાવા અધિ. ૧૮૭૨ ની કલમ–૧૧૪(ઈ)</u> અન્વયે રોજબરોજના વ્યવહારમાં મોકલવામાં આવતી પોસ્ટ – સરકારી કાર્યો તેના નિયમ અનુસાર કરવામાં આવતાં હોઈ, તેના સરનામે પહોંચેલ હશે. આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. આરોપી તરફે પોતે ફરીયાદવાળા સરનામે રહેતા નથી કે ત્યાં તેમને નોટિસ બજેલ નથી તેવી કોઈ જ ઉલટ કરવામાં આવેલ નથી જેથી ઉપરોકત અનુમાનનું ખંડન થતું નથી જેથી આરોપીને ડિમાન્ડ નોટિસ બજેલ હોવાનું માનવાને કારણ રહે છે. '' એ વાત ખરી છે કે, ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુ ડે લાઈટીંગ સીસ્ટમ બં ને અલગ અલગ કાયદેસર નોંધાયેલ કંપની છે. એ વાત ખરી છેકે ટુ ડે ઈન્ડસ્ટ્રીઝના નામનું જી.એસ.ટી. સર્ટીફીકેટ, જી.એસ.૫૪ સરગમ રેસીડન્સના સરનામે ઈસ્યુ થયેલ છે. એ વાત ખરી છેકે ફરીયાદીની પેઢી યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસ તથા ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ અને ટુ ડે લાઈટીંગ સીસ્ટમ ત્રણેયના આઈ.ટી. રીટર્ન અલગ અલગ ભરવામાં આવે છે. એ વાત ખરી છેકે, મારી ટુ ડે ઈન્ડસ્ટ્રીઝ કયારેય યોગેશ્વર ફાઈબર ફેબ્રીકેટસના સરનામે ધંધો માટે ચાલેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે મારા ખાતાનો ચેક રીટર્ન થાય તો ચેક રીટર્ન અંગેનો મેસેજ મારા મોબાઈલ પર આવે છે. '' આરોપીપક્ષે ફરીયાદીની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમા ફરીયાદી સ્વિકારે છે કે, '' એ વાત ખરી છે કે, મને આરોપી પાસેથી લેવાના નાણાં રકમ રૂા.૨૫,૬૮,૮૯૫.૨૦ પૈકી આરોપીએ મને ચેક દવારા કુલ રકમ રૂા.૨૪,૮૪,૦૫૪/– ના ચેકો આપેલ છે જે મે સ્વિકારેલ છે. '' આમ, આરોપી પક્ષે જે બચાવ બાબતે આરોપી પક્ષે કોઈ સંતોષ કારક પુરાવો આપેલ ન હોય ત્યારે આરોપી પક્ષ સદરહું કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ ના પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં થયેલ અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ

અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૬) નામ. સુ.કો. દવારા **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થાય છે તેમજ, ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહય રાખવા પાત્ર નથી. વધુમાં આરોપીપક્ષે નામ. સુપ્રિમ કોર્ટ તથા નામ. હાઈકોર્ટના જે ચુકાદાઓ પર આધાર રાખેલ છે તે ચુકાદાઓના માર્ગદર્શક સિધ્ધાંતો સદર કેસની હકીકતો અને સંજોગો મુજબ અમુક અં શે અલગ અલગ જણાય આવે છે જેથી સંપુર્ણપણે સદર ચુકાદાઓના આધારે આરોપી પોતાનો કેસ સંપુર્ણપણે કે નિ:શંકપણે સાબીત કરવામા નિષ્ફળ નિવડેલ છે.

(૧૭) આમ આ કામે ફરીયાદપક્ષે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ની જોગવાઈઓ સબબ અત્રેની અદાલતે જે અનુમાનો અવેશ વિશે અને ધારક આ ચેકનાં નાણાં વસુલ મેળવવા હકકદાર છે તે અંગેના અનુમાનો વિરુધ્ધમાં બચાવપક્ષે કોઈ ખંડનીય પુરાવો રજુ કરેલ ન હોવાના કારણસર ફરીયાદપક્ષનો આ કેસ નિ:શં કપણે સાબીત થયેલ હોવાનું અત્રેની અદાલત માને છે. આ કામે તહોમતદાર તર્ફે જે બચાવ અને દલીલો રજુ કરેલ છે તે માની શકાય તેમ નથી. વધુંમાં આ કામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ માં અવાર નવાર સમય સાથે કરવામાં આવેલ સુધારા વધારા સહિત આ એકટ પાછળનો હેતુ નાણાંકીય વ્યવહારમાં થતી ગેરરિતિઓ અટકાવી આ ગેરરીતિઓ ધ્વારા કોઈ વ્યકિત તેની નાણાંકીય જવાબદારીમાંથી છટકી ન જાય અને નાણાંકીય વ્યવહાર ડુબાડવાનો તેનો હેતુ પાર પાડી કોઈ ચેક આપે અને તે બાઉન્સ થાય ત્યારે બેંકો ધ્વારા તેમજ અન્ય નાણાં કીય સંસ્થાઓ ધ્વારા થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા ઘટી જાય છે. એટલે કે આવી વિશ્વસનીયતા ઘટી ન જાયતે માટે આ એકટ ધ્વારા તાકાલીક ધોરણે આવા ડીફોલ્ટરને સજા કરવાનો છે. ફરીયાદીએ રજુ કરેલ ચેક પુરવાર થતો હોય તેનો મતલબ એવો થાય છે કે આરોપીએ તેના કાયદેસરના જવાબદારી અને દેવા પેટે ફરીયાદીને ચેક આપેલો છે.

ફરીયાદીએ રજુ કરેલ ચેકનો દુરઉપયોગ કરવામાં આવેલ હોય તો આરોપીએ તે બાબતે ફરીયાદ કે અન્ય વ્યકિત ઉપર કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તેવું રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ સમગ્ર હકીકતે નામે. સુપ્રિમ કોર્ટના **રંગાપ્પા વિરૂધ્ધ મોહન**ના ચુકાદા મુજબ આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. આમ આ કેસનો રેકર્ડ પરનો સમગ્ર મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક ફરીયાદમાં જણાવેલ વ્યવહારની રકમના કાયદેસરના અમલ કરી શકાય તેવા દેવાની ચુકવણી પેટે આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ચેકનો દુરઉપયોગ કરેલાનું પુરવાર થતુ ન હોય ફરીયાદીની વિરૂધ્ધમાં અનુમાન કરવાની આરોપીની તરફેણની દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. આમ નામ. સુપ્રિમ કોર્ટ ના ઉપરોકત ઓથોરીટી ધ્યાને લેતા તથા દસ્તાવેજી અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં જયારે ચેક આપેલ હોય ત્યારે કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ છે તેવું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું છે જે આ કેસમાં થાય છે. આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી પર છે. પરંતુ આરોપીએ કરેલ ફરીયાદીની ઉલટ તપાસમાં ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું કોઈપણ રીતે ખંડન કરેલ નથી. એટલુંજ નહી પણ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતુ અનુમાનનું ખંડન થાય તે પ્રબળ શકયતા અને સંભાવના પણ આરોપી તરફથી ઉભી કરવામાં આવતી નથી. ઉપરોકત તમામ મુદાઓની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને હકીકતની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોની ચર્ચા કરેલ છે તેથી તેનું પુનરાવર્તન કરવું જરુરી નથી, પરંતુ ટુંકમાં એટલું જણાવીશ કે, આ કામના ફરીયાદીએ આ કામના આરોપી વચ્ચે કાયદેસરનો વ્યવહાર થયેલ છે, તે હકીકત છે અને તે રકમ આરોપીએ પરત ન કરતાં ફરીયાદીએ આરોપી પાસેથી વળતર અપાવવા દલીલ કરેલી છે. વધુમાં આરોપી ને.ઈ.એ.ક.૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રી.પ્રો.કોડ કલમ ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ધ્યાનમાં લેવી પડે. આરોપીએ આર્થિક ગુનો કરેલ છે. અત્યારના પ્રવર્તમાન સમયમાં ધંધાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આધારીત છે. મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ. એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેંકને ચેક આપે તો તે ચેકનું અવમુલ્યન થવું જોઈએ નહી. ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુલ્યન થયેલ છે

અને તેની કોઈ કીંમત નથી તેવું કહી શકાય અને એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ક્રી.પ્રો.કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો જોઈએ નહી. આમ ઉપર મુજબ તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવા પાત્ર નથી. કાયદાની જોગવાઈ તથા ચેકની રકમ ધ્યાનમાં લેતાં આરોપીને યોગ્ય સજા અને યોગ્ય દંડ થવો જોઈએ તેમ હુ માનુ છું અને ફરીયાદીને પણ પુરતો ન્યાય મળ્યો છે તેવો અહેસાશ થશે આવા સંજોગોમાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપ્યો છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરતા હોય જેથી મુદા નં.૧ પરત્વે નો જવાબ હકારમા આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમા જાહેર કરું છું.

<u>**–:: હુકમ ::–**</u>

(૧) આથી ક્રી.પ્રો.કોડ.કલમ–૨૫૫(૨) અન્વયે **આરોપી નં.૧** TODAYS INDUSTRIES, **આરોપી નં.૨** RAVINDRA NATH SINGH, રહે. GS- 54 , SARGAM RESIDENCY, VALIYA ROAD,AT. KOSAMADI, TA. ANKLESHWAR વાળાઓને ધી નેગો.ઈ.એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નાં ગુનામાં તકસીરવાન ઠરાવવામા આવે છે.

(૨) આથી ક્રી.પ્રો.કોડ.કલમ–૨૫૫(૨) અન્વયે **આરોપી નં.૧** TODAYS INDUSTRIES,વતી **આરોપી નં.૨** RAVINDRA NATH SINGH, રહે. GS- 54 , SARGAM RESIDENCY, VALIYA ROAD,AT. KOSAMADI, TA. ANKLESHWAR વાળાઓને ધી નેગો.ઈ.એકટ–૧૮૮૧ની કલમ–૧૩૮ નાં ગુનામાં વર્ષ–૨ (બે) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૩) ભારતીય ફોજદારી સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ફરીયાદી ને વળતર તરીકે ફરીયાદમા જણાવેલ ચેકની રકમ રૂ.૪,૮૦,૨૪૬/– આજથી માસ–૧ ની મુદ્દતમા ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો તેઓએ વધુ ૩ માસ (ત્રણ માસ)– ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૪) ઉપરોકત ગુના અંગે આરોપીએ જો કોઈ સમયે કાચા કામે કેદમાં પસાર કરેલ હોય તો તેવો સમય ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ કેદની શિક્ષામાં મજરે ગણવાનો રહેશે.

(૫) આરોપીના જામીન તથા જાતમુચરકા રદ ગણવાના રહેશે.

(૬) આ ચુકાદાની એક નકલ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ર૪મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| અંકલેશ્વર<br>તા. ૨૪–૦૬–૨૦૨૬ | **( મિતેષકુમાર કિરીટકુમાર મહેતા )**<br>બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>અંકલેશ્વર.<br>કોડ નં. જી.જે. ૦૧૨૨૫ |

Steno : H.R. Makrani